ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ નીચેની લીટીવાળા ભાગથી કાપીને 'બારકોડવાળું' ફક્ત આ એક જ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યા વગર પરત મોકલવું.

**આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૪ માર્ચ, ૨૦૧૨ના રોજ લેવાનારી મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ ખંડ - ૧ : પ્રશ્નપત્ર - ૧

જાન્યુઆરી, ૨૦૧૨ | સમય : સવારે ૯ થી ૧૨ | કુલ ગુણ : ૧૦૦

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

**☞ પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે 'બારકોડ' દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

| | તારીખ | મહિનો | વર્ષ |
|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ | | | |

પરીક્ષાર્થીનો અભ્યાસ ........................................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઇઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ..................................................

**☞ નીચે દર્શાવેલી સૂચનાઓ વાંચવા ખાસ વિનંતી :-**

૧. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

૨. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

૩. જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નોના ગુણાંક દર્શાવે છે.

૪. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.

૫. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના કે પુરવણી જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.

૬. **પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

૭. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.

૮. **પરીક્ષાખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૧ (૪) | |
| | ૨ (૪) | |
| | ૩ (૪) | |
| | ૪ (૪) | |
| | ૫ (૯) | |
| વિભાગ - ૧, કુલ ગુણ (૨૫) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૬ (૧૨) | |
| | ૭ (૮) | |
| | ૮ (૧૨) | |
| | ૯ (૮) | |
| વિભાગ - ૨, કુલ ગુણ (૪૦) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૧૦ (૫) | |
| | ૧૧ (૬) | |
| | ૧૨ (૩) | |
| | ૧૩ (૬) | |
| | ૧૪ (૧૫) | |
| વિભાગ - ૩, કુલ ગુણ (૩૫) | | |

પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી

........................................

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . .

ચેકર - નામ

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્ર. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. હરિના ભક્તને કઈ મોટી ખોટ છે ?

..........................................................................................

..........................................................................................

૨. ઈર્ષ્યાનું શું રૂપ છે ?

૩. જેને આત્મનિષ્ઠા પ્રધાન હોય તે ક્યા રૂપે નિરંતર વર્તે ?

૪. પ્રીતિની સિદ્ધિ કેમ થાતી નથી ?

**પ્ર. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. ગ. પ્ર. ૨૧ પ્રમાણે આપણા સર્વે સત્સંગીએ કેવો નિશ્ચય કરવો ?

૨. સર્વે જગતના આધારરૂપ સંત કેવી રીતે છે ?

૩. વાસના જિતાણી ક્યારે જાણવી ?

૪. અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની તે કોણ છે ?

( ) ..........................................................................................

☞ **આ પ્રશ્નપત્રમાં પ્રશ્નની નીચે આપેલી કોરી લીટીઓ ફક્ત નમૂનારૂપે દર્શાવી છે. મુખ્ય પરીક્ષામાં પ્રશ્નના ગુણ પ્રમાણે પ્રતિ વર્ષની જેમ જ, કુલ ૧૬ પાનામાં જરૂરિયાત મુજબ કોરી લીટીઓ આપવામાં આવી છે.**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**પ્ર. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. દરજી-દરજણનું દૃષ્ટાંત

૨. કીડીયારાનું દૃષ્ટાંત

૩. મનોમય ચક્ર અને તેની ધારા

( ) ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**પ્ર. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. ગુણાતીતાનંદ સ્વામીએ જાગાભક્તને મહારાજની મૂર્તિના ચારે સુખ આપ્યાં.

૨. દુર્યોધન કાયમ માટે પાંડવોમાં અવગુણ પરઠ્યા કરતો અને પોતાનામાં ગુણ પરઠતો.

૩. દુર્વાસા ઋષિએ ભક્તરાજ અંબરિષ પર ક્રોધ કરતાં સુદર્શન ચક્ર તેમની પાછળ પડ્યું.

૪. દેહ સામું જોઈ હસનારા જનક રાજાના દરબારીઓને અષ્ટાવક્ર ઋષિએ ચામડિયા કહ્યા.

( ) **સંદર્ભ :** ..........................................................................................

..........................................................................................

..........................................................................................

**સમજૂતી :** ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**પ્ર. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૯]

૧. પંચ ઇન્દ્રિયો દ્વારે ..........................................................................................

..........................................................................................

..........................................................................................

.......................................................................... પણ અંતઃકરણ નથી.

૨. ભગવાન તે જીવોના કલ્યાણને ....... નિવૃત્તિ થઈ કહેવાય.

૩. અને વર્તમાનની આડ્યે ....... પવિત્ર થાય છે.

**વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨' - નવી આવૃત્તિના આધારે**

**પ્ર. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. 'આજે તો ભગવાન મુમુક્ષુને ખોળે છે' મુમુક્ષુઓને મળેલા નીલકંઠવર્ણી

૨. 'અમે માનવી નથી' નીલકંઠવર્ણીની યાત્રામાં સાર્થક થતી ઉક્તિ

૩. અયોધ્યામાં ઘનશ્યામની બાળલીલાઓ

( ) ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**પ્ર. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [ ૮ ]

૧. શ્રીહરિના યોગમાં આવેલા મુસલમાન નવાબો.

૨. ધર્મદેવને અસુરોએ આપેલો ત્રાસ

૩. લોજમાં નીલકંઠવર્ણીએ કરેલા ચમત્કારો

(   ) **પ્રસંગ - ૧ :** ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

**પ્રસંગ - ૨ :** ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

**પ્ર. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [ ૧૨ ]

૧. હલવૈની હાટમાં

૨. મોહનદાસને એકાદશી વ્રતનો મહિમા સમજાવ્યો.

૩. જાંબુવાનનું કલ્યાણ

૪. ગિરનાર ગૌમુખી ગંગા પર બાવાઓને વામન સ્વરૂપે દર્શન.

૫. જ્યાં જૂના વેર શમી જાય છે.

(   ) ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

**મનન :-** ........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

**પ્ર. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. અમીચંદ વણિક  ૨. નરસિંહદાસ બાવા (બોચાસણ)

( )

**વિભાગ - ૩ : 'ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' - નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્ર. ૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ઘરમંદિર એટલે શું ?

૨. યુગોથી માનવી કઈ રીતે પરમાત્મા સાથે તાર જોડતો આવ્યો છે ?

૩. પૂજા કરતી વખતે ઉત્તરાભિમુખ બેસીને શા માટે પૂજા કરીએ છીએ ?

૪. ઘરસભા એટલે શું ?

૫. તિલક-ચાંદલો શું વ્યક્ત કરે છે ?

**પ્ર. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૬]

૧. કંઠી શાની બનાવેલી હોવી જોઈએ ?

૨. મંત્ર કેવી રીતે જપવો જોઈએ ?

૩. મૂર્તિપૂજા શું છે ? શા માટે ?

**પ્ર. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં)** [૩]

૧. વિદ્યાભ્યાસ માટે ટીવી એક સફળ માધ્યમ ન કહી શકાય ?

૨. શ્રીજીમહારાજે દર્શાવેલી પૂજા એટલે પૂર્ણ પૂજાવિધિ : કેવી રીતે ?

( ) ........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

**પ્ર. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદર થી વીસ લીટીમાં)** [૬]

૧. તપની માળા એ શું છે ? તેનો શો હેતુ છે ?

૨. સત્સંગસભાનું મહત્ત્વ શું છે ? સત્સંગસભા સમાજને કેટલી ઉપયોગી છે ?

( ) ........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

**પ્ર. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ)**
**(પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]

૧. આત્માની ઉત્તમ અવસ્થાનો ઉપદેશ : માંડૂક્ય ઉપનિષદ (સ્વામિનારાયણ પ્રકાશ - સપ્ટેમ્બર-૨૦૦૯, પા. નં. ૪ થી ૭)
૨. કરીએ રાજી ઘનશ્યામ : સેવા, આજ્ઞા અને ભક્તિ દ્વારા
(સ્વામિનારાયણ પ્રકાશ - ઑક્ટોબર-નવેમ્બર - ૨૦૦૯, પા. નં. ૩૧-૩૨, ૨૭ થી ૨૯, ૩૫-૩૬)
૩. વનવાસીઓના હૈયે : મહોરી ઊઠી બી.એ.પી.એસ.
(સ્વામિનારાયણ પ્રકાશ - મે-જૂન - ૨૦૧૧ પા.નં. ૪ થી ૫, ૪૨ થી ૪૫)

( ) ..................................................

☞ **પછીના પૃષ્ઠોમાં નિબંધ દર્શાવેલ છે.**

**અગત્યની નોંધ :-**

**ઉપરોક્ત પ્રશ્નપત્રમાં પ્રશ્નની નીચે આપેલી કોરી લીટીઓ ફક્ત નમૂનારૂપે દર્શાવી છે. મુખ્ય પરીક્ષામાં પ્રશ્નના ગુણ પ્રતિ વર્ષની જેમ જ, કુલ ૧૬ પાનામાં જરૂરિયાત મુજબ કોરી લીટીઓ આપવામાં આવી છે.**

* * *

આગામી વર્ષે ૪ માર્ચ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષાની પૂર્વતૈયારી માટે મુકાતા **પ્રી-ટેસ્ટના સંપૂર્ણ પ્રશ્નપત્રો હંમેશ મુજબ જાન્યુઆરીમાં (1st January, 2012ના રોજ) મુકાશે.** નિબંધ એ સામાન્ય જ્ઞાન સહિત મુક્ત વિષય હોય છે, જે અભ્યાસક્રમના પુસ્તકોમાંથી પૂછાતા નથી. આથી પરીક્ષાર્થીઓ નિબંધની તૈયારી સારી રીતે કરી શકે તે હેતુસર આપણે વહેલાસર ફક્ત તે યાદી આપની સમક્ષ મૂકી છે.

## પ્રી-ટેસ્ટના નિબંધોની યાદી

**પ્રાજ્ઞ : ૧-૧**

૧. આત્માની ઉત્તમ અવસ્થાનો ઉપદેશ : માંડૂક્ય ઉપનિષદ (સ્વામિનારાયણ પ્રકાશ - સપ્ટેમ્બર - ૨૦૦૯, પા.નં. ૪ થી ૭)

૨. કરીએ રાજી ઘનશ્યામ : સેવા, આજ્ઞા અને ભક્તિ દ્વારા (સ્વામિનારાયણ પ્રકાશ -ઑક્ટોમ્બર-નવેમ્બર - ૨૦૦૯, પા.નં. ૩૧-૩૨, ૨૭ થી ૨૯, ૩૫-૩૬)

૩. વનવાસીઓના હૈયે મહોરી ઊઠી બી.એ.પી.એસ. (સ્વામિનારાયણ પ્રકાશ - મે, જૂન- ૨૦૧૧ પા.નં. ૪ થી ૫, ૪૨ થી ૪૫)

પરીક્ષાર્થી શ્રી,
સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ

**સત્સંગ શિક્ષણ પરીક્ષા માર્ચ ૨૦૧૨ના નિબંધોની પૂર્વ તૈયારી માટે નીચે જણાવેલ માર્ગદર્શન અને સૂચનો ધ્યાનમાં લેવા વિનંતી.**

૧. નિબંધ એટલે કોઈ નિશ્ચિત વિષય ઉપર વ્યવસ્થિત, ચિંતનપૂર્વક અને મુદ્દાસરનું લખાણ. સત્સંગ શિક્ષણ પરીક્ષામાં પૂછાતા નિબંધો સામાન્ય જ્ઞાનના આધારે, પરીક્ષાર્થીના દૈનિક જીવનમાં સત્સંગના સદ્વાંચન અને કથા શ્રવણ અને મનન દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાનની કસોટી કરતા ૩૫ થી ૪૦ લીટીમાં લખવાના હોય છે.

૨. પરીક્ષાર્થીઓની માગણીને માન આપીને આ વર્ષે પ્રી-ટેસ્ટમાં પૂછાનાર નિંબધોના વિષયો છ માસ અગાઉથી પરીક્ષાર્થીના એકાઉન્ટમાં અપલોડ કરવામાં આવ્યા છે.

૩. પ્રી-ટેસ્ટમાં જે તે પરીક્ષામાં પૂછાનાર નિબંધોના ત્રણે ત્રણ વિષયો આપવામાં આવ્યા છે. માર્ચ ૨૦૧૨ની ફાઈનલ પરીક્ષામાં આ ત્રણ વિષયોમાંથી કોઈપણ એક નિબંધ ચોક્કસપણે પૂછાશે જ. માટે જો આપ આ ત્રણે ત્રણ વિષયો તૈયાર કરશો તો આપ ચોક્કસપણે એક નિબંધ મુખ્ય પરીક્ષામાં ખૂબ જ સારી રીતે લખી શકશો.

૪. આ નિબંધોનું સામાન્ય બંધારણ, લખાણ(મેટર) મોટાભાગે ત્રણ - ચાર વર્ષ દરમ્યાનના સમયગાળામાં પ્રકાશિત થયેલ 'સ્વામિનારાયણ પ્રકાશ'માંથી લેવામાં આવે છે.

૫. અહીં આપેલા નિબંધોનું લખાણ કેવળ દિશા સૂચક છે. આ જ લખાણ ગોખીને પરીક્ષામાં લખવાની જરૂર નથી. આથી વિશેષ સારા મુદ્દાઓનું ચિંતન-મનન કરી આપની રીતે પૂર્વ તૈયારી કરીને લખી શકો છો.

૬. **ગુજરાતી માધ્યમ (ભાષા) સિવાયના પરીક્ષાર્થીઓ માટે :** આ નિબંધોનું મૂળ પ્રકાશન ગુજરાતી ભાષામાં જ હોવાથી તેનું શબ્દશઃ ભાષાંતર ન કરતાં, તેનો ભાવાર્થ સમજીને પરીક્ષાર્થીએ પોતાની રીતે સમજીને તૈયારી કરવાની રહેશે. પરીક્ષા કાર્યાલય અંગ્રેજી કે હિન્દી ભાષામાં આ નિબંધોનું ભાષાંતર આપી નહિ શકે. તેથી ભાષાંતર કરવા અંગેનો પત્રવ્યવહાર કે ઈ-મેલ પણ પરીક્ષા કાર્યાલયને કરશો નહિ તેવી નમ્ર વિનંતી છે.

૭. ગુજરાતી ભાષા વાંચી, લખી કે બોલી ન શકતા હોય તેવા પરીક્ષાર્થીઓએ માતા-પિતા, વડીલો કે અન્ય સ્વજનો-સ્નેહીઓ પાસે વંચાવીને નિબંધનો ભાવાર્થ સમજી પોતાની રીતે, પોતાના શબ્દોમાં લખીને તૈયારી કરવાની રહેશે.

૮. One essay from the above list of essays will be asked in the Final Examination of March-2012.

# આત્માની ઉત્તમ અવસ્થાનો ઉપદેશ : માંડૂક્ય ઉપનિષદ

સ્વામિનારાયણ વેદાંત અંતર્ગત ઉપનિષદોની લેખ-શ્રેણીમાં આ અંકમાં એક સાથે
બે ઉપનિષદોનો આસ્વાદ છે : માંડૂક્ય ઉપનિષદ અને ઐતરેય ઉપનિષદ.
એકમાં આત્માની ઉત્તમ અવસ્થાનો ઉપદેશ છે, તો બીજામાં સૃષ્ટિના સર્વસ્વની ઓળખાણ છે.
પહેલાં આસ્વાદ માણીએ માંડૂક્યનો અને ત્યારબાદ ઐતરેય ઉપનિષદનો.

■ સાધુ ભદ્રેશદાસ (પીએચ.ડી., ષડ્દર્શનાચાર્ય)

## ■ માંડૂક્ય ઉપનિષદ : પરિચય

માંડૂક્ય ઉપનિષદ અથર્વવેદમાં સમાયેલું છે. અથર્વવેદની માંડૂક્ય નામની શાખામાં આ ઉપનિષદનો પાઠ થતો હોવાથી આ ઉપનિષદને 'માંડૂક્ય' એવી સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. આ ઉપનિષદ કદમાં અન્ય પ્રસિદ્ધ ઉપનિષદો કરતાં સૌથી નાનું છે. તેના મંત્રોની સંખ્યા ફક્ત ૧૨ જ છે. આ ૧૨ મંત્રો ૪ ખંડોમાં વહેંચાયેલા છે.

## ■ ઉપદેશ

પરબ્રહ્મની યથાર્થ ઉપાસના-ભક્તિ કરવી હોય તો આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું પડે, બ્રહ્મરૂપ થવું પડે. આ ઉપનિષદમાં આત્મજ્ઞાનનો અને આત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એક કરી બ્રહ્મભાવ પ્રગટાવવાનો સરળ ઉપદેશ છે. આવો, એ ઉપદેશને જાણીએ.

## ■ આત્માની બ્રહ્મરૂપે વિભાવના - अयमात्मा ब्रह्म।

બ્રહ્મરૂપ થવા બ્રહ્મનો મહિમા જાણવો પડે. તેથી બ્રહ્મમહિમાના ઉદ્‌ગાનથી જ આ ઉપનિષદનાં શ્રીગણેશ થાય છે. 'ॐ इत्येतदक्षरमिदं सर्वम्।' (માંડૂક્ય ઉપનિષદ - ૧/૧) 'ૐ શબ્દથી જેની કીર્તિ ગવાય છે, તેવું આ અક્ષર સર્વમાં વ્યાપી રહ્યું છે.' ફરી આ જ વાત અક્ષર શબ્દના સ્થાને બ્રહ્મ શબ્દ પ્રયોજી કરે છે. 'सर्वं ह्येतद् ब्रह्म।' (માંડૂક્ય ઉપનિષદ - ૧/૨) 'આ બધું જ અક્ષરબ્રહ્મમય છે.'

આમ અક્ષરબ્રહ્મની સર્વવ્યાપિતા કહી. આમ કહેવાનો મૂળ હેતુ તો બ્રહ્મદૃષ્ટિ ઘૂંટાવવાનો છે. 'सर्वम्' એટલે બધું. જો બધું જ બ્રહ્મમય છે, તો 'सर्वम्'ની અંતર્ગત તો આ મારો આત્મા પણ આવી જાય. તેથી મારો આત્મા પણ બ્રહ્મમય છે, બ્રહ્મરૂપ છે, અક્ષરરૂપ છે. સાધના માર્ગનો આ ઉચ્ચ આધ્યાત્મિક સિદ્ધાંત છે. હવે આ જ સિદ્ધાંતને ફરી સ્પષ્ટ શબ્દોમાં ઉદ્‌ઘાટિત કરે છે. 'अयमात्मा ब्रह्म।' (માંડૂક્ય ઉપનિષદ-૧/૨) 'આ જીવાત્મા અક્ષરબ્રહ્મરૂપ છે.'

આમ, આત્માની બ્રહ્મરૂપે વિભાવના કરવાનું પ્રતિપાદન થયું. હવે આ બ્રહ્મવિભાવના આપણા સૌમાં સરળતાથી પ્રગટી શકે તે માટે અહીં સુંદર રીત અપનાવી છે. આત્માની બ્રહ્મરૂપે વિભાવના કરવી એટલે પ્રથમ તો એને ત્રણ દેહ અને ત્રણ અવસ્થાઓથી જુદો સમજવો. દેહ અને અવસ્થાઓ એ તો આત્માને વળગેલાં બંધનો છે. આ ઉપનિષદમાં 'હું ત્રણ અવસ્થાઓથી જુદો છું, બ્રહ્મરૂપ છું' એ રીતે પોતાના આત્માનું અનુસંધાન કરવાનો મુખ્ય આદેશ છે. 'હું ત્રણ અવસ્થાથી જુદો છું' એ સમજવા પ્રથમ તો ત્રણ અવસ્થાને જાણવી પડે. એમ જાણે તો જ પછી એ ત્રણ અવસ્થાથી પર એવા જીવાત્મામાં બ્રહ્મની વિભાવના શક્ય બને. તેથી આ ઉપનિષદમાં પ્રથમ જીવાત્માની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓનું વર્ણન કર્યું અને ત્યાર પછી એ ત્રણ અવસ્થાથી પર પરિશુદ્ધ જીવાત્માની ચોથી અવસ્થા બ્રાહ્મીસ્થિતિનું વર્ણન કર્યું છે. આમ અહીં 'सोऽयमात्मा चतुष्पात्।' (માંડૂક્ય ઉપનિષદ-૨/૧) એવા શબ્દો દ્વારા જીવાત્માને ચાર પાદવાળો અર્થાત્ ચાર અવસ્થાવાળો કહ્યો છે.

આવો, એ અવસ્થાઓને જાણીએ.

## ■ પ્રથમપાદ : જાગ્રત અવસ્થા - जागरितस्थानो बहिष्प्रज्ञः।

પ્રથમ જાગ્રત અવસ્થાનું વર્ણન કરે છે. 'जागरितस्थानो बहिष्प्रज्ञः सप्तांग एकोनविंशतिमुखः स्थूलभुग् वैश्वानरः प्रथमः पादः।' (માંડૂક્ય ઉપનિષદ-૨/૧) ભાવાર્થ એવો છે કે આ જીવાત્મા જ્યારે 'बहिः' એટલે કે બહાર રહેલાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે વિષયોને 'प्रज्ञः' કહેતાં સારી રીતે જાણતો હોય, ત્યારે તેની જાગ્રત અવસ્થા કહેવાય. આ જાગ્રત અવસ્થામાં જીવાત્મા 'एकोन-विंशतिमुखः स्थूलभुग्।' હોય છે. અર્થાત્ તે નેત્ર, શ્રોત્ર વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિયો; હાથ, પગ વગેરે પાંચ કર્મેન્દ્રિયો; પ્રાણ, અપાન વગેરે પાંચ પ્રાણ તથા મન, બુદ્ધિ વગેરે ચાર અન્તઃકરણો, એમ ૧૯ સાધનોનો મુખ્યપણે ઉપયોગ કરી વિવિધ પ્રકારના ભોગોને ભોગવતો હોય છે. જેમ કે જાગતાં આપણે આંખથી જોવું, કાનથી સાંભળવું, પગથી ચાલવું, હાથથી કોઈ ક્રિયા કરવી વગેરે સભાનપણે જે કાંઈ કરીએ છીએ તે આપણી જાગ્રત અવસ્થાની ક્રિયાઓ છે. આ અવસ્થામાં આપણને આપણા સ્થૂળ શરીરનું પૂરેપૂરું ભાન રહે છે. વળી, જાગ્રત અવસ્થામાં 'વિશ્વ' કહેતાં બધા જ બાહ્ય વિષયોને ભોગવવાની યોગ્યતા ધરાવતો હોવાથી આ જીવાત્માને આ ઉપનિષદમાં 'वैश्वानरः' કહ્યો છે. અને તેથી જ તેને 'વિશ્વ' અથવા તો 'વિશ્વાભિમાની' જેવી વિશિષ્ટ સંજ્ઞાઓથી ઓળખવામાં આવે છે.

આ રીતે સ્થૂળદેહ સાથે જોડાયેલી જાગ્રત અવસ્થાનું પ્રથમ પાદરૂપે વર્ણન કર્યું. હવે દ્વિતીય પાદ કહે છે.

## ■ દ્વિતીય પાદ : સ્વપ્ન અવસ્થા - स्वप्नस्थानोऽन्तःप्रज्ञः।

'स्वप्नस्थानोऽन्तःप्रज्ञः प्रविविक्तभुक् तैजसो द्वितीयः पादः।' (માંડૂક્ય ઉપનિષદ-૨/૨) જે અવસ્થામાં નિદ્રાધીન જીવાત્મા બાહ્ય જાગ્રત અવસ્થાના પદાર્થોને નહીં, પરંતુ 'अन्तः' કહેતાં આંતરિક પદાર્થોને જ 'प्रज्ञः' કહેતાં સારી પેઠે જાણતો હોય તેને સ્વપ્ન અવસ્થા કહેવાય. આ અવસ્થામાં સ્થૂળ દેહનું ભાન રહેતું નથી. આપણે સ્વપ્ન જોઈએ છીએ ત્યારે પાંચ કર્મેન્દ્રિય કે પાંચ જ્ઞાનેન્દ્રિયમાંથી કોઈપણ તેમાં સક્રિય નથી હોતું, પરંતુ તે વખતે મન, બુદ્ધિ જેવાં અંતઃકરણ સક્રિય હોય છે. આ અવસ્થામાં જીવાત્મા 'प्रविविक्तभुक्' કહેતાં સ્વપ્ન સૃષ્ટિના વિવિધ પ્રકારના ભોગોને સારી પેઠે ભોગવતો હોય છે. આ સંપૂર્ણ સ્વપ્નસૃષ્ટિના સર્જક પરમાત્મા છે. જીવનું તેમાં કાંઈ ચાલે નહીં. જીવના પૂર્વકર્મ અનુસારે તે તે કર્મમાંથી કેટલાંક સંચિત કર્મના ફળને ભોગવડાવવા પરમાત્મા

સ્વપ્નસૃષ્ટિ સર્જે છે. ખૂબ અલ્પકાળમાં ઘણાં બધાં સંચિત કર્મોનાં ફળ આ સ્વપ્ન અવસ્થામાં જીવાત્મા ભોગવી ચૂકે છે.

અંધકારમાં હોવા છતાં, નેત્ર બિડાયેલાં હોવાં છતાં, નિદ્રામાં પણ વિવિધ પ્રકારના પદાર્થોનો તેજયુક્ત વસ્તુઓની જેમ સાક્ષાત્કાર થતો હોવાથી સ્વપ્ન અવસ્થામાં રહેલા જીવાત્માને 'તૈજસ:' એવી વિશિષ્ટ સંજ્ઞાથી ઓળખવામાં આવે છે.

આ રીતે સૂક્ષ્મદેહ સાથે જોડાયેલ સ્વપ્ન અવસ્થાનું દ્વિતીય પાદરૂપે વર્ણન કર્યું. હવે તૃતીય પાદ કહે છે.

■ **તૃતીયપાદ : સુષુપ્તિ અવસ્થા - न कञ्चन स्वप्नं पश्यति।**

'यत्र सुप्तो न कञ्चन कामं कामयते न कञ्चन स्वप्नं पश्यति तत् सुषुप्तम्।' (માંડૂક્ય ઉપનિષદ-૨/૩) જે અવસ્થામાં કેવળ જ્ઞાનેન્દ્રિયો જ નહીં, પરંતુ મન પણ વિરામ પામી ગયું હોય છે. વળી, જાગ્રત અવસ્થામાં જેમ વિવિધ પ્રકારની કામનાઓ-ઇચ્છાઓ થાય તેવી કોઈપણ પ્રકારની ઇચ્છાઓ કે સંકલ્પો પણ જેમાં ક્યારેય થઈ શકતાં નથી અને જે અવસ્થામાં કોઈપણ પ્રકારનું સ્વપ્ન સુધ્ધાં ન દેખાય તેવી અવસ્થાને સુષુપ્તિ કહેવામાં આવે છે. સુષુપ્ત એટલે સંપૂર્ણ રીતે સુપ્ત, સૂઈ ગયેલો. મનુષ્ય અતિ ગાઢ નિદ્રામાં હોય ત્યારે આવું બનતું હોય છે. ત્યારે તેને બહારની કોઈ વસ્તુના જ્ઞાનનો પ્રકાશ નથી હોતો. આંતરિક કોઈ સ્વપ્ન પણ નથી દેખાતું. આમ, આ અવસ્થામાં સ્થૂળદેહ અથવા તો સૂક્ષ્મદેહ કરતાં પણ કારણદેહની પ્રધાનતા હોય છે. આ અવસ્થામાં તો જ્ઞાનસ્વરૂપ એવો આ જીવાત્મા પરમાત્માની ઇચ્છાથી પ્રધાન-પુરુષના સુખલેશમાં લીન થઈ જાય છે. સુષુપ્તિમાં જ્ઞાનસ્વરૂપે રહેલા આ જીવાત્માને 'પ્રાજ્ઞ' એવી વિશિષ્ટ સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. આમ જીવાત્માની સુષુપ્તિ અવસ્થાનું તૃતીય પાદરૂપે વર્ણન કર્યું.

આ રીતે જીવાત્માની ત્રણ અવસ્થાઓ વર્ણવી. આ જ ત્રણ અવસ્થાઓની વાત પુરુષોત્તમ પરબ્રહ્મ શ્રીસ્વામિનારાયણ ભગવાને પણ સારંગપુર પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં ખૂબ જ સરળતાથી અને વિસ્તૃત રીતે વર્ણવી છે.

આ અવસ્થાઓને નિરૂપવાનો મૂળ હેતુ તો આ ત્રણેય અવસ્થાથી પર પરિશુદ્ધ જીવાત્માની બ્રહ્મ સંગાથે એકતા સમજાવવાનો, બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરાવવાનો છે. તેથી હવે તે બ્રહ્મ સાથેની એકતાને જ, કહેતાં બ્રાહ્મીસ્થિતિને જ ચતુર્થ પાદરૂપે કહે છે.

■ **ચતુર્થપાદ : બ્રહ્મ સાથે એકતા - ऐकात्म्यप्रत्ययसारं चतुर्थम्।**

'नान्त:प्रज्ञं न बहि:प्रज्ञं नोभयत:प्रज्ञं न प्रज्ञनघनं न प्रज्ञं नाऽप्रज्ञम्।' (માંડૂક્ય ઉપનિષદ-૨/૫) ભાવાર્થ એવો છે કે એક ચોથી અવસ્થા છે કે જેને જાગ્રત અવસ્થા પણ ન કહેવાય, સ્વપ્ન અવસ્થા પણ ન કહેવાય અને સુષુપ્તિ અવસ્થા પણ ન કહેવાય. એ અવસ્થા તો આ ત્રણેય અવસ્થાથી જુદી અને શ્રેષ્ઠ છે. આ અવસ્થામાં જીવાત્મા 'ऐकात्म्यप्रत्ययसारम्।' (માંડૂક્ય ઉપનિષદ-૨/૫) કહેતાં 'अयमात्मा ब्रह्म।' (માંડૂક્ય ઉપનિષદ-૧/૨) એ મંત્રમાં પૂર્વે કહ્યા પ્રમાણે અક્ષરબ્રહ્મ સાથે એકતાના ભાવને પામી ચૂક્યો હોય છે. અર્થાત્ બ્રહ્મરૂપ થઈ ગયો હોય છે. વળી, 'प्रपञ्चोपशमं शान्तं शिवमद्वैतं चतुर्थं मन्यन्ते स आत्मा विज्ञेय: ।' (માંડૂક્ય ઉપનિષદ-૨/૫) આ અવસ્થા પ્રાપ્ત થતાં 'प्रपञ्चो-पशमम्' - સકળ માયાવી પ્રપંચનો, સંસારનો મોહ શમી જાય છે, માયાને તરી જાય છે. 'शान्तम्' કહેતાં આત્મા ષડૂર્મિએ રહિત શાંત બને છે. 'शिवम्' કહેતાં કલ્યાણમય બને છે. અને આ રીતે અક્ષરબ્રહ્મ સાથે 'अद्वैतम्' એટલે કે એકાત્મભાવને પામેલા આ જીવાત્માને બ્રહ્મજ્ઞાનીઓ 'चतुर्थं मन्यन्ते' બ્રાહ્મીસ્થિતિ નામની ચતુર્થ અવસ્થાવાળો માને છે. આ રીતે જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિથી પર એવી બ્રાહ્મીસ્થિતિને ચતુર્થ અવસ્થા તરીકે સમજાવી.

■ **બ્રાહ્મીસ્થિતિનું ફળ : संविशत्यात्मनाऽऽत्मानम्।**

અંતે ઉપસંહારમાં આ રીતે બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરનારને કેવો લાભ થાય છે તે જણાવી આ માંડૂક્ય ઉપનિષદ પૂર્ણ થાય છે. 'संविशत्यात्मनाऽऽत्मानं य एवं वेद।' (માંડૂક્ય ઉપનિષદ-૪/૧) અર્થાત્ જે આ ઉપનિષદમાં કહ્યા પ્રમાણે અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરી પોતાના આત્માને બ્રહ્મરૂપ જાણે છે તે બ્રહ્મરૂપ જીવાત્માનો પરમાત્મામાં પ્રવેશ થાય છે, કહેતાં સદાય પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર પામે છે.

આ રીતે પરમાત્માનો સાક્ષાત્કાર પામવા માટે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાથી પર બ્રહ્મરૂપે પોતાના આત્માની વિભાવના કરવાનો સુંદર કલ્યાણમય ઉપદેશ આ માંડૂક્ય ઉપનિષદમાંથી આપણને પ્રાપ્ત થાય છે. આમ માંડૂક્ય ઉપનિષદનું સાર તત્ત્વ જાણ્યું. હવે ઐતરેય ઉપનિષદનો મર્મ જાણીએ.

•

■ **ઐતરેય ઉપનિષદ : પરિચય**

ઐતરેય ઉપનિષદ ઋગ્વેદમાં આવેલું છે. ઋગ્વેદના 'ઐતરેય' નામના આરણ્યકમાં સમાયેલું હોવાથી આ ઉપનિષદને 'ઐતરેય' એવી સંજ્ઞા આપવામાં આવી છે. આ ઉપનિષદ ત્રણ અધ્યાયોમાં વહેંચાયેલું છે. તેમાં પ્રથમ અધ્યાયમાં ત્રણ ખંડો છે અને બીજા બે અધ્યાયો એક એક ખંડ ધરાવે છે. તાત્ત્વિક વિષયોની વિશિષ્ટ છણાવટથી તત્ત્વજ્ઞાનનાં ક્ષેત્રમાં આ ઉપનિષદ વિશેષ પ્રસિદ્ધિ પામ્યું છે.

**પ્રથમ અધ્યાય**

■ **સકળલોકના સ્રષ્ટા - स ईक्षत लोकान्नु सृजा इति।**

સકળ સૃષ્ટિનું કારણ કોણ ? કર્તા કોણ ? નિયામક કોણ ? પોષક કોણ ? વગેરે જિજ્ઞાસાઓનું અહીં નિર્ણયાત્મક સમાધાન છે. 'स ईक्षत लोकान्नु सृजा इति।' (ઐતરેય ઉપનિષદ-૧/૧) એમ કહીને પરબ્રહ્મ સકલ સૃષ્ટિના કારણ, કર્તા, નિયામક અને પોષક છે તે અહીં સ્પષ્ટ રીતે દર્શાવાયું છે. 'ईक्षत' એટલે સંકલ્પ કર્યો. પ્રલય અવસ્થામાં જ્યારે આ સૃષ્ટિરૂપે દેખાતા જગતનું અસ્તિત્વ જ ન હોય, બધું જ સૂક્ષ્મરૂપે મહામાયામાં પ્રલીનભાવને પામેલું હોય ત્યારે પરબ્રહ્મ પોતે કૃપા કરીને 'लोकान्नु सृजा इति।' (ઐતરેય ઉપનિષદ-૧/૧) 'હું આ જીવ-ઈશ્વરોનાં કર્મફળના ઉપભોગને અનુકૂળ વિવિધ પ્રકારના લોકોનું નિર્માણ કરું' એવો દિવ્ય સંકલ્પ કરે છે. અને ત્યાર પછી 'स इमान् लोकान् असृजत।' (ઐતરેય ઉપનિષદ-૧/૧) તે પરબ્રહ્મ આ વિવિધ લોકોનું એટલે કે ભોગસ્થાનોનું માયામાંથી સર્જન કરે. આમ સકળ લોકના સ્રષ્ટા પરમાત્માનો મહિમા અહીં ગવાયો છે.

■ **લોકપાલકોના સ્રષ્ટા - लोकपालान्नु सृजा इति।**

'स इक्षत। इमे नु लोका लोकपालान्नु सृजा इति।' (ઐતરેય ઉપનિષદ-૧/૧) જે રીતે વિવિધ લોકોનું સર્જન પરમાત્મા કરે છે તે જ રીતે તે તે લોકનું

નિયમન કરી શકે, પાલન કરી શકે એવા લોકપાલકોનું પણ નિર્માણ પરમાત્મા કરે છે, કહેતાં તે તે સ્થાનોનું નિયમન કરી શકે તેવા સામર્થ્ય યુક્ત દેહ તેઓને આપે છે. તે વાત અહીં સમજાવવામાં આવી છે. તેમાં પણ તે લોકપાલકોના શરીર, ઇંદ્રિયો વગેરેની ઉત્પત્તિ તથા તેમાં તે તે ઇંદ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓનો પ્રવેશ વગેરેનું ખૂબ ઊંડાણથી વર્ણન કરવામાં આવ્યું છે.

### ■ લોકપાલકોનો અન્નદાતા -

**अन्नमेभ्यः सृजा इति।**

દયાળુ પરમાત્માએ વિવિધ સ્થાનો રચ્યાં અને તે તે સ્થાનોની સાચવણી માટે લોકપાલકોનું નિર્માણ પણ કર્યું. હવે તેઓના આજીવન ભરણ-પોષણની ચિંતા પણ તેઓ જ કરી રહ્યા છે તે જણાવતાં આ ઉપનિષદમાં કહ્યું કે 'स ईक्षतेमे नु लोकाश्च लोकपालाश्चाऽन्नमेभ्यः सृजा इति।' (ઐતરેય ઉપનિષદ-૧/૩) તે પરમાત્માએ સંકલ્પ કર્યો કે આ સર્વ લોકો એટલે કે સ્થાનો તથા તે લોકપાલકોનું આગળ ભરણ-પોષણ થતું રહે તે માટે હું તેઓ માટે અન્ન નિર્માણ કરું. અને એ સંકલ્પ પ્રમાણે અન્નનું સર્જન થયું. અન્ન જમવાથી સર્વનું પોષણ થાય.

આ રીતે પ્રથમ અધ્યાયમાં પરમાત્મા જીવ, ઈશ્વરોના કર્મફળને અનુકૂળ સ્થાનોનું નિર્માણ કરે છે, તે સ્થાનોના પાલકોનું નિર્માણ કરે છે અને તેમના આજીવન ભરણ-પોષણ માટે અન્નનું પણ નિર્માણ તેઓ જ કરે છે વગેરે બાબતો મુખ્યત્વે સમજાવવામાં આવી છે.

### ■ દ્વિતીય અધ્યાય - માનવ શરીરનું સર્જન

દ્વિતીય અધ્યાયમાં મુખ્ય વિષય રહ્યો છે માનવ શરીરનું નિર્માણ. પરમાત્માની પ્રેરણાથી આત્માને મનુષ્ય શરીર કઈ રીતે પ્રાપ્ત થાય છે તેનું અહીં સચોટ દર્શન છે. આ વર્ણનથી દેહ-આત્માનો વિવેક પણ આપોઆપ સમજાઈ જાય છે. ત્યારબાદ આ શરીરનું આયુષ્ય પૂર્ણ થતાં જે તે આત્માઓની શી ગતિ થાય તે પણ અહીં નિરૂપવામાં આવ્યું છે. આ ઉપનિષદ કહે છે કે જે મનુષ્ય બ્રહ્મવિદ્યા વિહોણા રહે છે તેઓને આ દુઃખમય સંસારચક્રમાં વારંવાર ભટકવું પડે છે. અને જેઓ બ્રહ્મવિદ્યાને આત્મસાત્ કરી લે છે તેઓ અક્ષરધામ પામી ત્યાં પરમાત્માનું પરમ સુખ ભોગવે છે.

### ■ તૃતીય અધ્યાય - પરબ્રહ્મની ઉપાસના

પહેલા બે અધ્યાયોમાં પરબ્રહ્મનું માહાત્મ્ય સુપેરે નિરૂપ્યું. હવે તૃતીય અધ્યાયમાં તેવા મહાત્મ્યજ્ઞાને સહિત પરમાત્માની ઉપાસના કરવાનો આદેશ છે. ઉપનિષદ કહે છે, 'येन पश्यति येन वा शृणोति येन वा गन्धान् जिघ्रति येन वा वाचं व्याकरोति येन वा स्वादु चाऽस्वादु विजानाति।' (ઐતરેય ઉપનિષદ-૩/૧) જેમની પ્રેરણાથી આ આત્મા આંખ વડે જોઈ શકે છે, કાન વડે સાંભળી શકે છે, નાસિકા વડે ગંધોને સૂંઘી શકે છે, જીહ્વા વડે શબ્દોને છૂટા પાડી ઉચ્ચારી શકે છે, કે પછી સ્વાદુ કે અસ્વાદુ રસને સારી રીતે જાણે છે તે પરમાત્માની ઉપાસના કરવી જોઈએ. કારણ કે આ શરીર અને આ ઇંદ્રિયો જ જો આપણી પાસે ન હોત તો શું થાત ? મોક્ષ માટેની કોઈ સાધના જ ન થઈ શકે. તો દયાળુ પરમાત્માએ તે બધું કૃપાએ કરીને આપ્યું. શરીર આપ્યું, ઇંદ્રિયો આપી, ઇંદ્રિયોમાં શક્તિનો સંચાર કર્યો. બધું અનુકૂળ કરી આપ્યું. તો હવે આપણે પણ તેમની ઉપાસના કરી, રીઝવી મોક્ષ સાધી લેવો જોઈએ. એમ અહીં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે.

### ■ બ્રહ્મ દૃષ્ટિ - प्रज्ञानं ब्रह्म।

પરબ્રહ્મનું યથાર્થ માહાત્મ્ય સમજવું હોય, કે પછી તેમની યથાર્થ ઉપાસના કરવી હોય, અક્ષરરૂપ તો થવું જ પડે, બ્રહ્મ ભાવથી રસબસ થવું જ પડે, અને એટલે જ એ અક્ષરબ્રહ્મને જાણવા જ પડે. આ સકળ વેદાંતનો સાર સિદ્ધાંત છે. તેથી આ ઉપનિષદમાં પણ 'प्रज्ञानं ब्रह्म' (ઐતરેય ઉપનિષદ-૩/૩) એમ અક્ષરબ્રહ્મનો પ્રજ્ઞાનસ્વરૂપ કહીને બોધ કરાવાયો છે. અને વળી 'यदेतद् हृदयं मनश्चैतत्... सर्वाण्येतानि प्रज्ञानस्य नामधेयानि भवन्ति।' (ઐતરેય ઉપનિષદ-૩/૨) આ આપણું હૃદય, મન વગેરે જે કાંઈ છે તે બધું જ પ્રજ્ઞાન બ્રહ્મનાં જ નામ છે અર્થાત્ તે બધું અક્ષરબ્રહ્મમય છે. બ્રહ્મરૂપ છે. એમ બ્રહ્મદૃષ્ટિ કરવાનો સુંદર ઉપદેશ પણ કર્યો છે.

### ■ દિવ્ય ફળ - अमृतः समभवत्।

હવે આ રીતે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની માહાત્મ્યજ્ઞાને સહિત ઉપાસના કરનારને કેવું ફળ મળે તે જણાવી આ ઉપનિષદનું સમાપન થાય છે. 'अमृतः समभवत्।' (ઐતરેય ઉપનિષદ - ૩/૪) આવા બ્રહ્મરૂપ પરમાત્માનો ઉપાસક દિવ્ય અક્ષરધામને પામી અમૃતત્વને કહેતાં જન્મમરણના બંધનથી છૂટી પરમ મુક્તિને પામે છે.

આ રીતે આ ઐતરેય ઉપનિષદ આપણને પરમાત્મા સર્વકારણ, સર્વકર્તા, સર્વનિયામક તથા સર્વપોષક છે એમ કહી સૃષ્ટિના સર્વસ્વની ઓળખાણ કરાવે છે. અને આવા પરમાત્માની ઉપાસના આપણે કરવી, તે ઉપાસના નિર્વિઘ્ને તથા યથાર્થ થાય તે માટે આપણા આત્માને બ્રહ્મભાવથી વિભૂષિત કરવો અને આમ કરીને પરમ કલ્યાણ પામવું વગેરે સિદ્ધાંતો સમજાવી મોક્ષના માર્ગનું સચોટ દર્શન કરાવે છે. અસ્તુ. ◆

# સેવાનું આવું વ્યસન પડી જાય તો...

■ સાધુ ત્યાગાનંદદાસ

ગઢપુરમાં અક્ષરઓરડીમાં ભક્તો સાથે વિરાજમાન શ્રીહરિની આંખો જાણે આજે સભામાં કોઈને શોધી રહી હતી. બધા વિચારે છે કે 'મહારાજ અત્યારે કોને શોધી રહ્યા હશે ?' બરાબર એ જ સમયે એક ભક્તનો અક્ષરઓરડીમાં પ્રવેશ થયો.

'આવો ભગત ! રોજ તો તમે વહેલા આવો છો ને આજે મોડું કેમ થયું ? સૂર્યવંશી તો નથી થઈ ગયા ને ?' શ્રીહરિએ સ્મિત સાથે માર્મિક ટકોર કરીને પૂછ્યું.

સેવક સ્વભાવના તે ભક્તરાજ તો હાથ જોડીને મૌન જ રહ્યા. અન્ય એક હરિભક્તથી ન રહેવાયું, તેમણે નજરે જોયેલું શ્રીહરિ સમક્ષ રજૂ કરતાં કહ્યું : 'મહારાજ ! આજે દાદા ખાચરના દરબારમાં લીંબડાના ઓટલે કૂતરું મળ કરી ગયેલું. ત્યાંથી જ્યારે અમે પસાર થયા ત્યારે અમારા બધાના મનમાં થયું કે 'અરરર ! મહારાજના બેસવાના ઓટા ઉપર જ કૂતરાએ મળ કર્યું. બીજું તો કાંઈ નહિ, પણ મહારાજ અહીં સભા ભરશે ત્યારે ક્યાં વિરાજશે ? બહુ ખોટું થયું, પણ શું થાય ? કૂતરાનો તો સ્વભાવ જ આવો હોય' એવી ટીકા-ટિપ્પણીઓ કરીને અમે તો ત્યાંથી ચાલતા થઈ ગયા. પરંતુ આ ભક્તરાજે જ્યારે ત્યાંથી પસાર થતી વખતે આ દૃશ્ય જોયું ને તુરંત જ વસ્ત્ર બદલીને મળ સાફ કરી નાખ્યું અને પછી પાછા ઘેલામાં સ્નાન કરી આવ્યા તેથી મોડું થયું.'

આ વાત સાંભળતાં જ ઉપસ્થિત સર્વનું હૈયું તે ભક્તરાજની સેવાભાવના ઉપર ઓવારી રહ્યું અને થોડી ક્ષણો માટે સમગ્ર સભા જાણે કે એ ભક્તરાજની સેવાની સ્મૃતિઓમાં સરી પડે છે કે 'આ એ જ ભક્તરાજ છે કે જેઓ ઘેલામાં સ્નાનવિધિ માટે જતાં શ્રીહરિ અને સંતો-ભક્તોનાં કોમળ ચરણોમાં કાંકરાઓ-કાંટાઓ ન વાગી જાય તે માટે રોજ વહેલી સવારે ૩-૦૦ વાગે પત્ની સાથે મળી દાદાના દરબારથી માંડીને ઘેલાના ઘાટ સુધીનો રસ્તો ઝાડું વાળીને સાફ કરી નાખે છે. આ એ જ ભક્તરાજ છે જેણે સેવાને જ વ્યસન બનાવી દીધું છે. વ્યસન નહીં, તેથી આગળ જીવનનો પર્યાય બનાવી દીધો છે. વધુ ચોખ્ખું કહેવું હોય તો એમ કહેવાય કે એ સેવાનું મૂર્તિમાન સ્વરૂપ છે.'

સૌને સદ્ગુરુ અદ્ભુતાનંદ સ્વામીની વાતો યાદ આવી. સ્વામીએ સભામાં કહ્યું હતું, 'આ ભક્ત તો એવી સેવા કરે છે કે સવારમાં વહેલાં ઊઠીને લઘુ કરવાના ખાળિયા ધૂવે, સંડાસ નહીં હોવાથી સાજા-માંદા સાધુનું પેટ છૂટી જાય તેના પોતે સવારમાં માટલા ભરી સીમાડે જઈ ઢોળી આવે, માંદા સાધુનાં કપડાં ઉન્મત્ત ગંગામાં ધોઈ આવે, બધો ચોક વાળ્યા કરે, સંતો-ભક્તોના ચરણમાં કાંકરા ખૂંચે એમ જાણીને બજારનો રસ્તો વાળે ઇત્યાદિ નીચ સેવા કરવામાં જ બપોર થઈ જાય તોય કંટાળે નહિ...'

આમ, તે ભક્તરાજની આવી સેવાને લીધે જ શ્રીહરિએ આજે અતિ પ્રસન્ન થઈને તેમના પર જાણે કે પ્રસન્નતાનો ધોધ વહાવ્યો. શ્રીહરિ ઢોલિયા પરથી ઊભા થઈને તે ભક્તરાજને ભેટી પડ્યા. રાજીપાના ફળ સ્વરૂપે તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

આ ભક્તરાજ એટલે ગઢડાના ઉકા ખાચર. તેઓ પ્રત્યે શ્રીહરિના અવિરત વહેતા કરુણાધોધ વિષે સદ્ગુરુ અદ્ભુતાનંદ સ્વામી કહે છે કે 'મહારાજ થાળ જમતા હોય તેની પ્રસાદી રાજી થઈને ઉકા ખાચરને આપે અને પછી મહારાજ પોઢી જાય ત્યારે કોઈ ચરણારવિંદ ચાંપવા આવે તો તેને તાણી લઈને ઉકા ખાચર આવે ત્યારે જ લાંબા કરે... એક ફેરે હું ચરણારવિંદ દાબતો હતો તે સમયે ઉકા ખાચર આવતાં મારી પાસેથી લઈને ઉકા ખાચર તરફ લઈને લાંબા કર્યા. તેને તે ખાચર દાબવા લાગ્યા. આ રીતે પોતાનો સર્વોપરિ રાજીપો જણાવ્યો.' (સદ્ગુરુ અદ્ભુતાનંદ સ્વામીની વાતો : ૨૧૧)

એક વાર સભામાં શ્રીહરિને નિર્વાસનિક થવા માટેનો ઉપાય પૂછ્યો ત્યારે પણ અધ્યાત્મ સાધનાના આ અંતિમ સોપાનની પ્રાપ્તિનો ઉપાય જણાવતી વખતે શ્રીહરિએ ઉકા ખાચરને યાદ કર્યા અને તેમના પર પોતાનો સર્વોપરિ રાજીપો જણાવતાં કહ્યું કે 'જેવું ઉકા ખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણમાત્ર પણ રહેવાય નહિ તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.'

સૌએ અનુભવ્યું, શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરવી હોય તો પોતાનું મોટું ભાગ્ય માનીને નીચી ટેલ-સેવા કરવી રહી... ◆

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્ય ૨૮માં કહે છે : 'જે ભગવાનના ભક્તની સેવાચાકરી કરે તે ઉપર તો અમારે અતિશય રાજીપો થઈ જાય છે. જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે. માટે અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમ તમારે પણ નિશ્ચય કરવો. ...આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ સત્ય છે ને સારનું પણ સાર છે. અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે સર્વેને એ વાર્તા છે તે જીવનદોરીરૂપ છે.'

શ્રીજીમહારાજનાં આ વચનો પરથી સમજાય છે કે જીવના કલ્યાણને અર્થે ભગવાન અને ભગવાનના ભક્તની સેવા એ અતિ મહત્ત્વનું સાધન છે, જે ભગવાનને રાજી કર્યાનો ત્રિકાલાબાધિત મોટો ઉપાય છે.

ગુણાતીતાનંદ સ્વામીએ બીમાર સંત દેવાનંદ સ્વામીની સેવા કરી, કે માવા ભક્તે કાંટો વાગેલા ભક્તની સેવા કરી, તેથી મહારાજ રાજી થયાનાં કંઈક દૃષ્ટાંતો સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. સેવા કરતાં ગારાવાળા શરીર થયેલા સંતોને શ્રીજીમહારાજ 'આ ગારો નથી, આ તો ચંદન છે' કહી ભેટેલા છે.

શ્રીજીમહારાજ વચનામૃત વરતાલ ૧૭માં કહે છે : 'ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં (સેવામાર્ગમાં) જોડાવું એનું નામ જ ભક્તિ છે. અને એવી પ્રવૃત્તિવાળા જે ત્યાગી છે તે બરોબર નિવૃત્તિમાર્ગવાળો જે કેવળ આત્મનિષ્ઠ ત્યાગી તે થઈ શકતો નથી અને કેવળ આત્મનિષ્ઠાવાળો જે

ત્યાગી તે કરતાં તો આ ત્યાગી અતિશય શ્રેષ્ઠ છે ને ભગવાનની કૃપાનું પાત્ર છે.'

અહીં પણ ભક્તની સેવાથી રાજીપો મળે છે તે વાત શ્રીહરિ સમજાવે છે. શ્રીહરિને પોતાને સેવા કરવાનો કેવો ઉમંગ હતો તે તેઓના આ ઉદ્‌ગારો પરથી જણાશે. તેઓ કહે છે : 'અમે અમારા અંતરની વાર્તા કહીએ જે, જ્યારે અમે અગણોતેરાની સાલમાં માંદા થયા હતા, ત્યારે કૈલાસ ને વૈકુંઠ દેખ્યામાં આવ્યા ને નંદીશ્વરની અસવારી ને ગરુડની અસવારી પણ અમે કરી, એમ અમારા દીઠામાં આવ્યું, પણ તે સામર્થીમાં અમને કાંઈ સારું લાગ્યું નહીં. પછી તો અમે કેવળ (આત્મ) સત્તારૂપે રહેવા માંડ્યું ત્યારે સર્વે ઉપાધિની શાંતિ થઈ, પછી તેમાં પણ અમને એમ વિચાર થયો જે, 'સત્તારૂપે રહેવું તેથી પણ ભગવાન ને ભગવાનના ભક્ત ભેળે દેહ ધરીને રહેવું એ શ્રેષ્ઠ છે. માટે અમને બીક લાગી જે, રખે સત્તારૂપે રહીએ ને પાછો દેહ ન ધરાય.માટે દેહ ધરીને ભગવાન ને ભગવાનના ભક્તની ભેળે રહીએ ને તેને અર્થે જે સેવા બની આવે એ જ અતિશય શ્રેષ્ઠ સાધન છે.' (વચ. ગ.મ. ૬૩)

આમ, ભગવાન પણ જેને કરવાને ઇચ્છે તેવું તેમના રાજીપાનું સાધન સેવા છે. ◆

# લ્યો પ્રસન્નતાનાં પાન, અમારી તમે આજ્ઞા પાળી...

■ સાધુ પરમવિવેકદાસ

ધોઘલા ગામના લક્ષ્મીચંદ શેઠ.

પૂર્વના પુણ્યે સંતોનો યોગ થયો અને સ્વામિનારાયણીય સત્સંગી થયા. ભગવાન સ્વામિનારાયણનાં દર્શન હજી એક પણ વખત કર્યા નથી, અને વહાણમાં બેસી આફ્રિકા જવાનું થયું. અજાણી પરદેશની ભૂમિ પર પણ તેમણે ભગવાનના આજ્ઞા-વચનની સંગાથે નિયમ-ધર્મની દૃઢતા રાખી અને સત્સંગ ટકાવ્યો.

દિવસો વીતતા ગયા. કમાણી ચાલુ થઈ. સ્વામિનારાયણીય નિયમ-ધર્મ દૃઢ પાળીને તેમણે સૌનાં દિલ જીતી લીધાં. જીવનમાં નેકી અને નીતિ જોઈને તેમના શેઠે તેમને પેઢીના મુખ્ય મુનિમ તરીકે સ્થાપ્યા.

એક વાર લક્ષ્મીચંદ શેઠ ગંભીર બીમારીમાં સપડાઈ ગયા. માંદા શરીરે પણ એમણે નોકરી-ધંધે જવાનું ચાલુ જ રાખ્યું, પરંતુ પરિસ્થિતિ વણસતી ગઈ, બીમારીએ વધુ ને વધુ પકડ લઈ લીધી. એક દિવસ તેઓ દુકાને ન જ જઈ શક્યા. શેઠને ચિંતા થઈ, તપાસ કરી અને અંતે બીમાર લક્ષ્મીચંદની ખબર કાઢવા જાતે જ પહોંચી ગયા. લક્ષ્મીચંદની હાલત જોઈ તે અકળાઈ ગયા, 'અરે ભલા માણસ, રોગથી ઘેરાઈ ગયો છે તો પણ હજુ દવા નથી કરી ?' એમ કહી શેઠે જાતે દવાની વ્યવસ્થા કરી. શેઠે જાતે લક્ષ્મીચંદને દવા આપી. પણ દવામાં તો દારૂ !

લક્ષ્મીચંદે વિનયપૂર્વક ના પાડી. શેઠે આગ્રહપૂર્વક કહ્યું, 'પરંતુ આના વગર સાજા નહીં થાઓ.' એમ કહી ફરી દવા ધરી. લક્ષ્મીચંદની આંખોમાં નિશ્ચયાત્મક દૃઢતા ઊપસી આવી, 'મારા ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા છે કે દારૂ તો ન જ પીવાય.'

'પરંતુ અહીં ક્યાં તમારા ભગવાન જોવા આવવાના છે ?'

'એ તો બધે જ છે. એમની આજ્ઞા લોપું તેના કરતાં શરીર ભલે પડી જાય...'

શેઠે આગ્રહ ચાલુ રાખ્યો. શેઠના અવાજમાં ઊગ્રતા આવવા લાગી. 'અરે લક્ષ્મીચંદ, શરીર હશે તો જ ધર્મ પળાશે. આ લઈ લો, શક્તિ પણ આવશે અને ભૂખ પણ લાગશે.'

લક્ષ્મીચંદ આ ઉગ્રતા અનુભવી સંકટમાં મુકાયા. તેમને દવાની જરૂર તો હતી જ, આ રોગે એમના આખા શરીરને ગ્રસ્ત કરી લીધું હતું. દવા વગર કામ પણ નહીં થાય અને વળી કોપાયમાન થતા શેઠ તો માથે જ ઊભા હતા. શરીરની શિથિલ હાલતમાં અવાજ પણ માંડ માંડ નીકળતો હતો. શેઠનો આગ્રહ જોઈ લક્ષ્મીચંદ ધીમા સાદે ખૂબ પ્રયત્ન કરી ફરી બોલ્યા, 'અત્યારે રાતનો સમય છે, દવા લેવી ઠીક નહીં પડે, સવારે જોઈશું...' એમ કહી વાત ટાળી, આંખો મીંચી અને પડખું ફરી ગયા. આંખોમાં તો એ જ નિશ્ચયાત્મક દૃઢતા. અંતરમાં એક જ આલોચના હતી કે ભગવાનની આજ્ઞા વિરુદ્ધ શરાબનું ટીપું પણ મોંમાં કેવી રીતે લેવાય ?

અંતે શેઠે વિદાય લીધી. લક્ષ્મીચંદ શ્રીજીના સ્મરણમાં ખોવાઈ ગયા. મધ્યરાત્રિ થઈ અને અચાનક બારણે 'ઠક્... ઠક્, ઠક્... ઠક્' અવાજ આવ્યો.

'કોણ ?' લક્ષ્મીચંદે અશક્ત અવાજે પૂછ્યું, અને ત્યાં તો મંદ શીતળ પ્રકાશ રેલાયો. ભગવાન સ્વામિનારાયણ સાક્ષાત્ તેમની સામે આવીને ઊભા રહ્યા. 'તમે કોણ છો ?' લક્ષ્મીચંદે પૂછ્યું, તેમને તો શ્રીજીમહારાજનાં આ પ્રથમ જ દર્શન હતાં.

'તમે જેનું ભજન કરો છો, તે સ્વામિનારાયણ છીએ ! તમારા શુદ્ધ પ્રેમ અને પ્રાર્થનાથી રાજી થઈને અમે આવ્યા છીએ... માંદગીમાં મૂંઝવણ થઈ છે ને ? લો આ ખાઈ જાવ, સારું થઈ જશે...'

લક્ષ્મીચંદે રોગગ્રસ્ત દશામાં હાથ લંબાવ્યો, મીઠું અને તુલસીનાં પાન હાથમાં આવ્યા. મહારાજે ફરી કહ્યું, 'હવે દેશમાં આવો ત્યારે ગઢડા આવજો, ત્યાં મળીશું...' એમ કહી અદૃશ્ય થઈ ગયા.

લક્ષ્મીચંદ મહારાજે આપેલું મીઠું અને તુલસી જમી ગયા. અને અંગોઅંગમાં સ્ફૂર્તિ આવી ગઈ, નખમાંય રોગ ન રહ્યો. થોડા સમય પછી લક્ષ્મીચંદ ભારત આવ્યા ત્યારે સીધા ગઢડે જઈ ઉપકારવશ થઈને શ્રીહરિનાં ચરણોમાં ગદ્‌ગદ થઈ નમી પડ્યા અને ત્યારે શ્રીહરિ તેમના પર પ્રસન્નતાથી ળળી રહ્યા હતા... ◆

**શ્રી**જીમહારાજને આધારાનંદ સ્વામી વચનામૃત ગઢડા પ્રથમ ૭૮માં પ્રશ્ન પૂછે છે કે 'કેવી રીતે વર્તીએ તો ભગવાન ને ભગવાનના સંત પ્રસન્ન થાય ?'

ત્યારે શ્રીજીમહારાજે જણાવ્યું કે, 'પંચવર્તમાન સંપૂર્ણ રાખીએ ને તેમાં કોઈ રીતે ખોટ આવવા દઈએ નહિ તો ભગવાન ને ભગવાનના સંત પ્રસન્ન થાય છે એમાં લેશમાત્ર સંશય નહીં.'

આ જ પ્રકારનો પ્રશ્ન ત્યાગાનંદ સ્વામીએ પણ શ્રીજી-મહારાજને પૂછતાં કહેલું કે 'ભગવાન રાજી કેમ થાય ?' ત્યારે પણ શ્રીજીમહારાજે કહ્યું હતું : 'ભગવાન જેમ કહે તેમ કરવું એ જ ભગવાનને રાજી થયાનું સાધન છે.'

અહીં શ્રીજીનો સ્પષ્ટ સૂર સંભળાય છે કે જે ભગવાનની આજ્ઞા પાળે છે તેને રાજીપાની કમાણી મળે છે.

શ્રીજીમહારાજે આજ્ઞાપાલનથી રાજીપો મેળવવાની વાત ભારપૂર્વક અને ભાવપૂર્વક સમજાવી છે. એક વાર શ્રીજીમહારાજે સર્વે સત્સંગીઓને આદેશ આપ્યો કે 'અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ સર્વે તેમણે નિત્યે કરવો. અને જેને ભણતાં ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી એવી રીતે અમે શિક્ષાપત્રીમાં જ લખ્યું છે. માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો, એમ અમારી આજ્ઞા છે.' મહારાજના આવાં વચન સાંભળી સભામાં બેઠેલા સૌએ એ રીતે જ વર્તવાનો સંકલ્પ કર્યો. તે જાણી શ્રીજીમહારાજ એટલા પ્રસન્ન થઈ ગયા કે સર્વે સંતો અને બ્રહ્મચારીઓને ઊભા થઈ ભેટ્યા અને સર્વે હરિભક્તના હૃદયને વિષે પોતાનાં ચરણારવિંદ આપ્યાં. માત્ર આજ્ઞા પાળવાના વિચારમાત્રથી ભગવાનનો આટલો રાજીપો મળતો હોય તો આજ્ઞા પાળવાથી મળતા ભગવાન અને સંતના રાજીપાની ત્રિરાશિનો સરવાળો તો ક્યાં પહોંચે ?

ગુણાતીતાનંદ સ્વામીએ આજ્ઞાપાલનથી રાજીપો મળે છે તેની વાત પોતાના ઉપદેશમાં અનેકવાર કરી છે તે માત્ર 'પરોપદેશે પાંડિત્યમ્' જેવું નથી, પણ સ્વામીએ આજ્ઞા પાળી રાજીપો મેળવ્યો હતો તેથી પોતાના અનુભવના આધારે આ માર્ગદર્શન તેઓએ આપ્યું છે. શ્રીજીમહારાજને જૂનાગઢમાં મંદિર કરવું હતું ત્યારે ત્યાં સાધુઓને મોકલવા હતા; પરંતુ પથ્થરિયું પાણી, નવાબી રાજ, નાગરોની હાક, પાણા વડે પાણો ભાંગવો પડે તેવી સ્થિતિ વગેરે અનેક હાડમારીઓને લીધે કોઈ ત્યાં જવા તૈયાર થતું નહોતું. તે વખતે શ્રીહરિની આજ્ઞા ઝીલી સ્વામી જૂનાગઢ ગયેલા.

એક વાર શ્રીજીમહારાજે લટુરિયા બાવાના વેશે દર્શન દઈ ગુણાતીતાનંદ સ્વામીને માત્ર એટલું જ કહ્યું કે, 'સાધુરામ ! પેટ બહુ તગતગે છે. દૂધ ખાધામાં આવ્યું લાગે છે.' બસ, મહારાજના આટલા જ વચને તે દી'થી સ્વામીએ દૂધ-ઘી ખાવા હરામ કર્યાં તે જીવનના અંત સુધી જીભ પર દૂધનું ટીપું મૂક્યું નહોતું. શ્રીજીમહારાજની એકેએક આજ્ઞા આવી રીતે અભંગ પાળીને તેઓએ જે રાજીપો મેળવેલો તેના આધારે સ્વામી આ દીપસ્તંભ રોપી રહ્યા છે કે આજ્ઞાપાલનથી રાજીપો મળે છે.

આજ્ઞાપાલનથી રાજીપો લેવામાં મોટું વિઘ્ન હોય તો તે છે અન્યની મહોબત ન મુકાય એ. ગુણાતીતાનંદ સ્વામીને અયોધ્યાપ્રસાદજી મહારાજે સોનાના થાળમાં જમવાની વાત કરી, ત્યારે સ્વામીએ 'શ્રીહરિની આજ્ઞા નથી' એમ કહી, એ આગ્રહ ઠુકરાવી દીધેલો. અયોધ્યાપ્રસાદજીને પણ સ્પષ્ટ કહી દીધેલું કે, 'મારે તમારી આજ્ઞા પાળવી કે તમારા બાપની ?!' રઘુવીરજી મહારાજને પણ સ્વામીએ સ્પષ્ટતાથી કહી દીધેલું કે 'મને જો ખબર પડે કે તમારા સિગરામમાં છ મહિનાની બાળકી છે, તો આ જૂનાગઢ મંદિરના દરવાજા તમારા સારુ બંધ થઈ જાય.' આમ, સ્વામીએ કોઈની મહોબત નહોતી રાખી ત્યારે શ્રીહરિની આજ્ઞાઓ સારધાર પાળી રાજીપો લઈ શકેલા. તેઓ કહે છે : 'વિષય લોપી નાખતા હોય તેને મોટાને રાજી કર્યાનો શો ઉપાય ? એ પ્રશ્નનો ઉત્તર જે, મોટાની અનુવૃત્તિ ને તે જે કહે તેમ કરવું એ જ છે.' (૧/૧૧૦)

આજ્ઞાપાલક પર ઓળઘોળ થઈ જતા હોય તેમ ગુણાતીતાનંદ સ્વામી તો ત્યાં સુધી કહે છે કે 'એક તો ભગવાનની આજ્ઞા પાળવી અને બીજું સંતનું સ્વરૂપ સમજવું અને ત્રીજું ભગવાનનું સ્વરૂપ સમજવું એ ત્રણ વાતમાં ભગવાન રાજી, રાજી ને રાજી છે; ને તેને ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે.' (૧/૧૬૫)

વળી, ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'ભગવાનને નિરંતર રાજી રાખવા હોય તેને ભગવાનની આજ્ઞા લોપવી નહિ અને આપણને ભગવાનનું સ્વરૂપ મળ્યું છે તે વિના બીજે સુખ ઇચ્છવું નહિ ને ખરેખરા ભગવાનના સાધુ હોય તેનો સંગ રાખવો, તો તેની ઉપર ભગવાન ને મોટા સાધુ નિરંતર રાજી રહે, એમાં કાંઈ સંશય નથી.' (૩/૩૨)

વળી, તેઓ કહે છે : 'નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે તેવી રીતે મહારાજનું સ્વરૂપ સમજવું ને તેવી રીતે જ આ સંતનું સ્વરૂપ પણ સમજવું અને ભગવાનની આજ્ઞા પાળવી ને રૂડા સાધુનો સંગ રાખવો; તો તેની ઉપર મહારાજ રાજી રાજી ને રાજી જ છે.' (૩/૩૮)

આજ્ઞાના પાલનમાં જેને શૂરવીરતાનું અંગ હોય તેના પર શ્રીજીમહારાજ ખૂબ પ્રસન્ન થઈ જતા. તેઓ લોયાના બીજા વચનામૃતમાં કહે છે કે 'શૂરવીર હોય તે થકી તો ઇંદ્રિયો તથા અંતઃકરણ એ સર્વે થરથર કંપતા રહે અને બીજા કોઈથી પણ ડરે નહીં, માટે એને કોઈ રીતે પરમેશ્વરની આજ્ઞામાં ભંગ થાય નહીં. માટે પોતાને કૃતાર્થપણું માને અને મૃત્યુનો ત્રાસ તેના મનમાં લેશમાત્ર પણ હોય નહીં.' આટલું કહી વિશ્વાસ, જ્ઞાન અને પ્રીતિના અંગવાળા ભક્તની વાત પણ શ્રીજીમહારાજે કરી અને અંતે કહ્યું : 'એ ચાર અંગમાંથી જેને શૂરવીરનું અંગ હોય તે સર્વે આવીને અમારે પગે લાગો.'

પછી જે જે પગે લાગવા આવ્યા તે સૌને શ્રીજીમહારાજે છાતીમાં ચરણારવિંદ પણ આપ્યા. અહીં શૂરવીરપણાના અંગમાં આજ્ઞાપાલનની જ વાત શ્રીજીમહારાજે કરી છે તે સ્પષ્ટપણે જોઈ શકાય છે. આમ, ભગવાનને વશ કરવાનો આ ઉપાય ઉત્તમ છે.

શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમ ૭૬માં તો ત્યાં સુધી કહે છે કે 'જેને પંચવર્તમાનમાં કોઈ વાતે ખોટ્ય ન હોય અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહ પર્યંત મૂંઝાય નહીં, એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે.'

આમ, આજ્ઞાપાલન એ રાજીપો લેવાનું શ્રેષ્ઠ સાધન છે. ◆

# મધરાતે રાજમાતાએ ભક્તિનો આસ્વાદ લીધો...

■ સાધુ અક્ષરચરિતદાસ

સંવત ૧૮૭૨નો શિયાળો વહી રહ્યો હતો.

ભગવાન સ્વામિનારાયણના ઉચ્ચકોટિનાં મહિલાભક્ત અને ધર્મપુર રાજ્યનાં ૫૦૦ ગામના સમૃદ્ધ રજવાડાનાં વયોવૃદ્ધ રાજમાતા કુશળકુંવરબાના મહેલમાં સન્નાટો છવાયો છે. જીવમાત્ર મીઠી નીંદર માણે છે. એવે ટાણે એ જ મહેલમાં અક્ષરનો નાથ પડખાં ફેરવે છે. ઊંઘ નથી આવતી. આજ મોડી રાત સુધી રાજના મુસલમાન ગવૈયાઓએ તથા વૃદ્ધ દેવાનંદ મુનિએ ગાવણું કરેલું તેમાં આખી સભા મંત્રમુગ્ધ બની ગઈ હતી. મધરાત થઈ તેનો પણ ખ્યાલ ન રહ્યો. મહારાજને પોઢવાનું મોડું થયેલું. મહારાજે બાજુમાં સૂતેલા બ્રહ્મચારીને બૂમ મારી જગાડ્યા ને કહ્યું : ‘ભૂખ લાગી છે.’

‘મહારાજ ! મહેફિલ વખતે જ યાદ કરાવેલું પણ તમે તો ટાળી જ દીધું. હવે આટલી મધરાતે જમવાનો ક્યાં મેળ પડે !’

‘તમે રાણીવાસમાં જાવ, ત્યાં મહારાણી જાગતાં હશે.’ અંતર્યામીએ કહ્યું.

બ્રહ્મચારી ગયા. રાજમાતાના આવાસમાં દીવો બળતો હતો. હજુ હમણાં જ જીવુબા-રામબાઈનો સત્સંગ કરી રાજમાતા આવ્યાં હતાં. બ્રહ્મચારીએ બારણું ખખડાવ્યું. દાસી આવી. જોયું તો બ્રહ્મચારી. રાજમાતા ઊભાં થયાં : ‘બ્રહ્મચારી ! અત્યારે કેમ ?’

‘મહારાજને ભૂખ લાગી છે, કંઈક આપો.’

રાજમાતા તો રાજીનાં રેડ થઈ ગયાં. ઝટપટ બાજરાના રોટલા ઘડી કાઢ્યા ને તેમાં ઘી ભર્યું. અથાણાં ને દહીંની માટલી સાથે લેવડાવી અને જાતે મહારાજને ભક્તિભાવથી જમાડવા દોડ્યાં. આજે મહારાજ કુશળકુંવરબાના ભક્તિભાવને આરોગતા હતા ! રાતના બે વાગે ! મધરાતના આ ભોજનમાં જાણે રાજમાતાની ભક્તિનો જ સ્વાદ આવતો હોય તેમ મહારાજ તેમની સામે હાસ્ય રેલાવતા ચતુરાઈથી જમતા હતા. રાજમાતા પણ પ્રભુની આ મૂર્તિને અંતરમાં જડી દેવા માંગતા હોય તેમ પ્રેમથી, મહિમાથી અને એકાગ્રતાથી દર્શન કરતાં રહ્યાં. એ જ વખતે તેમણે પોતાના અંતરમાં આ મૂર્તિને સ્થિર કરવા એક પ્રશ્ન પૂછ્યો : ‘પ્રભુ ! પત્રમાં આપે અનિર્દેશથી લિખાવિતંગ લખ્યું તે ‘અનિર્દેશ’ શું છે ?’

રાણીને પ્રશ્ન પૂછી જ્ઞાન પ્રાપ્ત કરવું નહોતું, પણ પ્રાણપ્રિય પ્રભુની મૂર્તિને અંતરમાં કાયમ માટે જડી દેવી હતી. તેથી મહારાજે જવાબ આપવો શરૂ કર્યો : ‘મા, આ તમારો ગઢ છે તે નિર્દેશ કહેવાય, પણ વિસ્તરેલું રાજ અનિર્દેશ ગણાય. તેમ રાજ નિર્દેશ ને પૃથ્વી અનિર્દેશ કહેવાય... આમ ગણાવતાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ – બધાં એક એકથી મોટાં છે ને નિર્દેશ-અનિર્દેશ છે. પ્રકૃતિ-પુરુષથી અનંતગણું પર, અધો-ઊર્ધ્વ ને પ્રમાણે રહિત એવું અમારું અક્ષરધામ છે તે અનિર્દેશ છે. અમે ત્યાંના વાસી છીએ, એ અનિર્દેશ એટલે કે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણથી તમને અમારી પૂરી ભાળ મળી ને અમારો સંબંધ તમને પાકો થઈ ગયો.’

આમ, શ્રીહરિએ ખૂબ વિસ્તારથી વાત માંડી. કુશળકુંવરબા અપલક નજરે એ મૂર્તિને નિહાળી રહ્યાં, અંતરમાં ઉતારતાં રહ્યાં. વાત પૂરી થઈ ત્યાં સુધીમાં એ મૂર્તિ એમણે હૈયે ધરી લીધી હતી ! એમની એ ભક્તિથી શ્રીહરિ પણ પ્રસન્નતા વરસાવી રહ્યા હતા.

પ્રગટ પ્રભુની મૂર્તિને હૃદયમાં ઉતારવારૂપી ભક્તિએ મહારાજના અંતરમાં પણ સદાને માટે સ્થાન પ્રાપ્ત કરી લીધું ! ક્યારેય પણ ભક્તિની વાત નીકળે ને શ્રીહરિને કુશળકુંવરબાના નામનો ઓડકાર આવી જતો કે ‘જેમ ધરમપુરમાં કુશળકુંવરબાઈ હતાં, તે અમારાં દર્શન કરતા જતાં હતાં અને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતાં; તેમ દર્શન તો મને યુક્ત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવા.’ (વચ. સારંગપુર ૨)

મહારાજ ધર્મપુરમાં પંદર દિવસ રોકાયા. તે દરમ્યાન રાજમાતાએ બે વાર તો હાથી ઉપર બેસારીને મહારાજની સવારી કાઢી હતી ! વળી, મહારાજ માટે જાતે કમોદ ફોલી અણીશુદ્ધ ચોખા કાઢીને મોકલતાં.

કાઠિયાવાડના દરબારોને રાજની સાહ્યબી સ્વર્ગ જેવી લાગી. મોટીમસ ઘોડશાળ, જાતજાતના ઘોડાઓ, વિરાટ શસ્ત્રાગાર, શત્રુઓને માત કરે એવા કિલ્લાઓ... રાણીએ આ બધું શ્રીહરિને હોંશે હોંશે બતાવ્યું. અને પછી તાંબાના પતરા પર આખું રાજ્ય શ્રીહરિને સમર્પણ કરું છું તે ભાવનો લેખ અર્પ્યો, ત્યારે સૌ નતમસ્તક થઈ ગયા. જોકે શ્રીહરિએ ફક્ત તેમની ભક્તિ સ્વીકારીને કહ્યું, ‘અમે રાજ્ય કરવા નથી આવ્યા. એ તમે કરજો પણ હૃદયમાં અમારી મૂર્તિ અખંડ રાખજો.’ રાજમાતાએ આ શબ્દો અંતરમાં અંકિત કરી લીધા. શ્રીહરિની દિવ્યમૂર્તિમાં ભક્તિપૂર્વક પોતાના હૈયાના તારને જોડી દીધો અને શ્રીહરિની અપાર પ્રસન્નતા પામીને છતી દેહે મુક્તપદવીને પામી ગયાં. ◆

ભગવાન સ્વામિનારાયણે પોતાના પ્રગટ સ્વરૂપની ઉપાસના-ભક્તિનો અનન્ય મહિમા કહ્યો છે. સ્વધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય જેવા અતિ ઉત્કૃષ્ટ સદ્‌ગુણો પણ જો ભક્તિમાં વિઘ્ન કરતા હોય તો તેને પાછા પાડીને ભગવાનની ભક્તિનું મુખ્યપણું રાખવા આદેશ આપ્યો છે.

ભક્તિ એટલે ભગવાનમાં માહાત્મ્યજ્ઞાને સહિત અત્યંત પ્રેમ. એવા પ્રેમને માટે મુક્તાનંદ સ્વામીએ વચનામૃત ગઢડા પ્રથમ ૫૯માં પ્રશ્ન પૂછ્યો : ‘ભગવાનને વિષે અસાધારણ પ્રેમ થાય તેનું શું કારણ છે ?’

તેનો ઉત્તર આપતાં શ્રીજીમહારાજ કહે છે : ‘એક તો ભગવાનનો વિશ્વાસ હોય જે, ‘આ મને મળ્યા છે તે નિશ્ચય જ ભગવાન છે,’ તથા આસ્તિકપણું હોય, તથા ભગવાનનાં જે ઐશ્વર્ય તેને જાણે જે, ‘આ ભગવાન છે તે બ્રહ્મમહોલ, ગોલોક, શ્વેતદ્વીપ એ આદિક સર્વે ધામના પતિ છે તથા અનંતકોટિ બ્રહ્માંડના પતિ છે તથા સર્વના કર્તા છે,’ અને પુરુષ, કાળ, કર્મ, માયા, ત્રણ ગુણ, ચોવીસ તત્ત્વ, બ્રહ્માદિક દેવ એ કોઈને આ બ્રહ્માંડના કર્તા જાણે નહીં, એક ભગવાન પુરુષોત્તમને જ કર્તા જાણે અને સર્વના અંતર્યામી જાણે. એવી રીતની સમજણે સહિત જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને વિષે નિશ્ચય તે જ પરમેશ્વરને વિષે અસાધારણ સ્નેહનું કારણ છે.’

વચનામૃત ગઢડા પ્રથમ ૬૧માં શ્રીજીમહારાજ કહે છે કે ‘પાકો ભક્ત હોય ને ભગવાન વિના બીજું કાંઈ ન ઇચ્છે ને નિર્વાસનિક એવો એકાંતિક

ભક્ત હોય તો ભગવાન પોતે તે ભક્તને વશ થઈ જાય છે... પોતે ભક્તવત્સલ છે અને કૃપાસિંધુ છે, તે જેની પોતાને વિષે અતિ દૃઢ ભક્તિ દેખે તેને પોતે આધીન થઈ જાય છે. પછી તે પ્રેમભક્તિએ યુક્ત જે ભક્તનું મન તે મનરૂપી દોરીએ કરીને (ભગવાન) બંધનમાં આવે છે, પછી છૂટવાને સમર્થ થતા નથી.'

વચનામૃત ગઢડા મધ્ય ૪૮માં વર્ણન આવે છે કે શ્રીહરિ સમક્ષ પ્રેમાનંદ સ્વામીએ 'વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ' એ કીર્તનો ગાયાં. તે પદોમાં કરવામાં આવેલું ભગવાનની મૂર્તિનું સાંગોપાંગ વર્ણન સાંભળી શ્રીહરિ બોલ્યા : 'આ કીર્તનને સાંભળીને અમારા મનમાં એમ વિચાર થયો જે, આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને તો ઉઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ.'

પ્રેમાનંદ સ્વામીની ભક્તિથી શ્રીજીમહારાજ તેઓ પર કેવા રાજી થયા હશે તે આવાં વચનો તેઓના મુખેથી સરી પડ્યાં ! માટે ભગવાનને રાજી કરવા 'ભૂતળ ભક્તિ પદારથ મોટું, ચૌદ લોકમાં નાહીં રે' તેવું છે.

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : 'પ્રહ્‌લાદજીએ નારાયણ સાથે ઘણા દિવસ યુદ્ધ કર્યું, પણ ભગવાન જિતાણા નહિ. પછી ભગવાને પ્રહ્‌લાદને કહ્યું જે, 'એ યુદ્ધે કરીને તો હું જિતાઉં તેવો નથી અને મને જીતવાનો ઉપાય તો એ છે જે, જીભે કરીને મારું ભજન કરવું, મનમાં મારું ચિંતવન કરવું, નેત્રમાં મારી મૂર્તિ રાખવી, એ પ્રકારે નિરંતર મારી સ્મૃતિ કરવી.' એમ કહ્યું છે. પછી એવી રીતે પ્રહ્‌લાદે અભ્યાસ કર્યો ત્યારે ભગવાન છ માસમાં વશ થઈ ગયા. માટે ભગવાનને રાજી કરવાને અર્થે આ ઉપાય સર્વોપરી છે તે શીખવો.' (૧/૩)

વળી, ગુણાતીતાનંદ સ્વામી અન્ય વાતમાં કહે છે જે, 'ભગવાનનું ભજન અને ભગવાનના ભક્તનો સંગ એ બે જ રહસ્ય ને અભિપ્રાય છે. તે લઈને મંડે તો રાજી થતાં ક્યાં વાર છે ? માટે રાજી કરવા હોય તેને મંડવું.' (૧/૧૧૧)

આમ, ભગવાનની ભક્તિ નિષ્કામભાવે મન, કર્મ, વચને કરીએ તો ભગવાન અને સંતનો રાજીપો મેળવી શકાય છે.

◆

# વનવાસીઓના હૈયે મહોરી ઉઠી બી.એ.પી.એસ.

પંચમહાલ એટલે પાંચ મહાલનો પ્રદેશ. સિંધિયાના શાસન વખતથી ગોધરા, કાલોલ, હાલોલ, દાહોદ, ઝાલોદ - આ પાંચ મહાલોનો સમૂહ પંચમહાલ તરીકે ઓળખાતો હતો. આજે પંચમહાલથી પૂર્વનો ભાગ છૂટો પડીને બનેલો દાહોદ જિલ્લો એક સ્વતંત્ર જિલ્લો બન્યો છે. આ સમગ્ર પંચમહાલ પ્રદેશને પૂર્વમાં મધ્યપ્રદેશ તથા ઉત્તરમાં રાજસ્થાનના પડોશી રાજય તરીકે સ્પર્શ થાય છે.

ગુજરાત રાજ્યની પૂર્વ પટ્ટીમાં આવેલો પંચમહાલ જિલ્લો, આદિવાસી સંસ્કૃતિની વિશિષ્ટ પિછાણ ધરાવતો ડુંગરાળ અને વન્ય સૃષ્ટિ તેમજ જંગલ વિસ્તારથી પથરાયેલો જિલ્લો છે. એક સમયે પુષ્કળ ચંદનવૃક્ષો અને જંગલી હાથીઓના પ્રદેશ તરીકે પંકાયેલો આ પ્રદેશ ૧,૨૦૨ ગામડાંઓ ધરાવે છે. સૈકાઓથી તેનું મુખ્ય મથક છે, ગોધરા.

આધુનિક સંશોધનો અનુસાર, પૃથ્વી ઉપર માનવ સૃષ્ટિનો પ્રારંભ થયો એ પૂર્વે પણ અહીં ડાયનેસોર જેવાં મહાકાય પ્રાણીઓ નિવાસ કરતાં હતાં. થોડાં વરસો પહેલાં દાહોદથી ઝાલોદ જતાં માર્ગમાં આવતાં મીરાખેડીનાં ગામોમાંથી પ્રાપ્ત થયેલા ડાયનેસોરનાં ઈંડાં તથા બાલાસિનોર પાસેથી પ્રાપ્ત થતાં તેનાં અશ્મિઓ આ વાતની પ્રતીતિ કરાવે છે. પૃથ્વીના પેટાળમાંથી બહાર આવેલા લાવારસથી સર્જાયેલી પથરાળ જમીન અહીં વિશેષ જોવા મળે છે. હિડમ્બા વન તરીકે પ્રખ્યાત અહીંનાં ગાઢ જંગલો યુગ યુગથી અસ્તિત્વ ધરાવે છે.

પ્રાકૃતિક મહત્ત્વની સાથે સાથે આ પ્રદેશ ભારતના ધાર્મિક ઇતિહાસમાં પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે. રામાયણ કાળમાં વનવિચરણ દરમ્યાન ભગવાન શ્રીરામચંદ્ર હાલોલ પાસેથી પસાર થયા હતા એવી લોકોક્તિ છે. અજ્ઞાતવાસ દરમ્યાન પાંડવો પણ અહીં રહ્યા હતા અને લુણાવાડા પાસે કલેશ્વરી ખાતે આવેલી ચોરીમાં ભીમનાં લગ્ન થયાં હતાં એમ હજુ પણ લોકો માને છે. પાવાગઢ ઉપર વિશ્વામિત્ર ઋષિએ તપશ્ચર્યા કરી હતી અને શિખર પર કાલિકા માતાની સ્થાપના કરી હતી. પાનમ, મહી અને વેણી નદીના ત્રિવેણી સંગમે વિશ્વામિત્ર ઋષિના શિષ્ય ગાલવમુનિનો આશ્રમ હતો તેમ આજે પણ લોકોની શ્રદ્ધા છે. આ જ પ્રદેશમાં આવેલો પાવાગઢ અનેક મુમુક્ષુઓને પોતાની તરફ ખેંચે છે.

આ પ્રદેશનો કલા-વારસો સમૃદ્ધ છે. આ જ પ્રદેશમાં આવેલો અનોખી વિરાસત સમો ચાંપાનેરનો કિલ્લો સહેલાણીઓનાં આકર્ષણનું કેન્દ્ર છે. કલેશ્વરી, કાંકણગોર, લુણાવાડા, દેવગઢ-બારિયા વગેરે સ્થાનોએ આવેલાં પુરાણાં શિલ્પ-સ્થાપત્ય જોવાલાયક છે.

પંચમહાલ અનેક સાહિત્યકારો, કવિઓ, કલાકારો અને દેશભક્તોની જન્મભૂમિ, પ્રેરણાભૂમિ અને પોષણભૂમિ રહી છે. રાજગઢ વિસ્તાર તરીકે ઓળખાતા આ પ્રદેશમાંથી જયંત પાઠક તથા કાલોલના રમણલાલ વસંતલાલ દેસાઈ જેવા સાહિત્ય-સ્વામીઓની ભેટ પણ સાંપડી છે. ઇતિહાસ-પ્રસિદ્ધ તાનસેનને ગાયકીમાં પરાજિત કરનાર બૈજુ બાવરા આ જ વિસ્તારના ચાંપાનેરનો પનોતો પુત્ર હતો. તો મોગલ બાદશાહ ઔરંગઝેબનો જન્મ પણ આ પ્રદેશના દાહોદ ગામમાં થયો હતો. પ્રસિદ્ધ સંત શ્રી રંગ અવધૂત મહારાજનું જન્મસ્થાન પણ ગોધરા છે. ઠક્કરબાપા, સુખદેવભાઈ ત્રિવેદી, ડાહ્યાભાઈ નાયક વગેરે સ્વાતંત્ર્ય સંગ્રામના સૂત્રધારો પણ અહીંથી પાક્યા. સને ૧૯૧૭માં આઝાદીનો પ્રથમ ઉદ્‌ઘોષ પણ ગાંધીજીની ઉપસ્થિતિમાં ગોધરા નગરથી જ કરવામાં આવ્યો હતો.

ભગવાન સ્વામિનારાયણને આ પ્રદેશના જ એક ભક્તે પ્રસન્ન કર્યાનો ઉલ્લેખ ઇતિહાસમાં મળે છે. બસો વર્ષ પહેલાં આ પ્રદેશના પાવાગઢની દેરીના એક દેવી-ભક્તે ભગવાન સ્વામિનારાયણ સમક્ષ દેવી-સ્તુતિ લલકારી હતી અને તેની ઉત્કૃષ્ટ ભક્તિ જોઈ ભગવાન સ્વામિનારાયણે પ્રસન્નતા બતાવી તેને શિરપાવ આપ્યો હતો. પંચમહાલ પ્રાંત પર ભગવાન સ્વામિનારાયણની કૃપાદૃષ્ટિ પામનાર એ ભક્ત જાણે અહીંના સ્વામિનારાયણીય સત્સંગનું એક બીજ બની ગયા. આ પ્રાંતમાં સ્વામિનારાયણીય સંતોના વિચરણના તત્કાલીન ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ આ પ્રદેશના લુણાવાડા ગામના લુણેશ્વર મહાદેવના મંદિરમાં રાત્રી રોકાઈ ભક્તોને સત્સંગલાભ આપ્યો હતો. બ્રહ્માનંદ સ્વામી ત્યાંથી સંતરામપુરા ગામે એક સુથાર હરિભક્તના ઘરે રોકાયા હતા. હાલ તે જ સ્થાને જૂનું સ્વામિનારાયણ મંદિર છે. આમ બસો વર્ષ પૂર્વે વવાયેલાં સ્વામિનારાયણીય સત્સંગનાં બીજ ધીમે ધીમે ખીલતાં ખીલતાં આજે વૃક્ષ બનીને મહોરી ઊઠ્યાં છે.

ગુણાતીત ગુરુવર્યોની પણ ક્વચિત્ આ પ્રદેશ પર દૃષ્ટિ પડી છે. લુણાવાડા રાજ્યના દીવાન દોલતરામ કૃપારામ પંડ્યાએ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજને પત્ર લખીને લુણાવાડા પધારવાનું આમંત્રણ આપ્યું હતું. જોકે એ શક્ય બન્યું ન હતું.

ત્યારપછીનાં છેલ્લાં ૧૦૦ વર્ષોમાં અને ખાસ કરીને છેલ્લાં ૪૦ વર્ષોમાં આ પ્રદેશમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગ સતત વિકસતો ગયો. જ્યોતથી જ્યોત પ્રગટે એમ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સ્પર્શથી, હરિભક્તો દ્વારા સત્સંગની ચેતના ક્યાંથી ક્યાં ફેલાઈ તેનો એક રસપ્રદ ઇતિહાસ છે. આ પ્રદેશનાં જુદાં જુદાં ગામોમાં, પ્રમુખસ્વામી મહારાજના પ્રચંડ પુરુષાર્થ અને પ્રેરણાથી, સંતોના અવિરત વિચરણથી, જુદા જુદા હરિભક્તોનાં સમર્પણ અને નિષ્ઠાના બળથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગનાં અજવાળાં ફેલાયાં છે, તેની એક ઝલકરૂપે થોડીક વિગતો માણીએ...

## ■ જુદાં જુદાં કેન્દ્રોમાં બી.એ.પી.એસ. સત્સંગ ઇતિહાસ :

**૧. ગોધરા :** મેશરી નદીના કિનારે વસેલું ગોધરા પંચમહાલ પ્રાંતનું મુખ્ય નગર છે. 'ગૌધ્રહક' કે 'ગૌ-ધરા'માંથી ગોધરા બનેલા આ નગરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની શુભ શરૂઆત કરવામાં બે હરિભક્તો નિમિત્ત બન્યા હતા. તેમાંના એક હતા, શ્રી ચીમનભાઈ મગનભાઈ પટેલ. ચરોતર પ્રદેશના નાર ગામના વતની ચીમનભાઈ સને ૧૯૬૬થી ચાના જથ્થાબંધ વેપાર અર્થે ગોધરામાં સ્થાયી થયા હતા. પુરુષોત્તમપુરાના ઈશ્વરભાઈના દીકરા લલ્લુભાઈના તેઓ જમાઈ થાય. તેને કારણે સને ૧૯૫૪થી તેઓ યોગીજી મહારાજના યોગમાં આવ્યા હતા. યોગીજી મહારાજના આશીર્વાદથી જ તેઓએ ટૂંક સમયમાં ધંધામાં ખૂબ પ્રગતિ કરી હતી. અને બીજા હરિભક્ત હતા હિંમતસિંહ. ગોધરામાં નોકરી માટે આવેલા તેઓ તથા ચીમનભાઈએ યોગીજી મહારાજની આજ્ઞાથી અહીં રવિ સત્સંગસભાનો પ્રારંભ કર્યો હતો.

અન્ય હરિભક્ત હતા - જંબુસર પાસે આવેલ ધમણાદ ગામના વતની અને ગોધરામાં રહેતા ડાહ્યાભાઈ મંગળદાસ પટેલ. સને ૧૯૭૨માં તેઓના મિત્ર મહેન્દ્રસિંહ ચૌહાણે નીલકંઠ વર્ણી સ્પેશિયલ ટ્રેન યાત્રાનું આયોજન કર્યું હતું. મહેન્દ્રભાઈના કહેવાથી ડાહ્યાભાઈ પણ આ યાત્રામાં જોડાયા હતા અને યાત્રામાં ઉકાળા-પાણી ને ભોજનની વ્યવસ્થામાં સંકળાયા હતા. આ યાત્રા દરમ્યાન તેઓને પ્રમુખસ્વામી મહારાજનો વિશેષ યોગ થયો. સ્વામીશ્રીનું જીવન જોઈ તેમને સ્વામીશ્રી પ્રત્યે ખૂબ અહોભાવ થયો.આ હરિભક્તોની વિનંતિ સ્વીકારીને પ્રમુખસ્વામી મહારાજ સને ૧૯૭૩માં સર્વપ્રથમ વખત અહીં ગોધરા પધાર્યા હતા અને સત્સંગલાભ આપ્યો હતો. સ્વામીશ્રીનો ઉતારો દેસાઈવાડામાં ચીમનભાઈ પટેલ(ચાવાળા)ને ત્યાં હતો. શ્રી ડાહ્યાભાઈ પટેલ, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી બિપીનભાઈ યુ. પટેલ, ચીમનભાઈ વાડીલાલ પટેલ, મણિભાઈ (બારિયાવાળા) વગેરે હરિભક્તોએ સમગ્ર ગોધરા નગરમાં બેન્ડ-વાજાં સાથે સ્વામીશ્રીની નગરયાત્રા યોજી હતી. રાત્રીના ૮-૦૦ વાગે હાલ મોદીની વાડી સામે આવેલ દાસભવનના મેડા ઉપર સ્વામીશ્રીની ધર્મસભા યોજાઈ હતી. એ પ્રસંગે કેટલાક વિઘ્નસંતોષીઓએ વિઘ્ન નાખવા પ્રયત્ન પણ કર્યો હતો, પરંતુ સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછનારના તમામ પ્રશ્નોનું નિરાકરણ કરી દરેકને સંતોષકારક જવાબ આપીને પોતાની નિર્વૈર સાધુતાથી સૌને પ્રભાવિત કર્યા હતા.

તે પછી વિરોધીઓના દ્વેષભાવને ગણકાર્યા સિવાય સ્વામીશ્રી અને સંતો વિચરણ કરતા રહ્યા, સત્સંગ-વિકાસના કાર્યને આગળ ધપાવતા રહ્યા. ધીરે ધીરે ગોધરામાં સત્સંગનો વિકાસ થતો ગયો.

સને ૧૯૭૧ના અરસામાં વેપાર અર્થે પંચમહાલ આવેલા ધર્મજવાળા ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ પોતાના યોગમાં આવનાર વેપારીઓને સત્સંગની વાતો કરતા. ઈશ્વરભાઈની વાતોથી દેવગઢ-બારિયામાં રહેતા ગોરધનભાઈ મુનદાસ અને મણિભાઈ મુનદાસ પટેલને (મૂળ અજરપરાના) બી.એ.પી.એસ. સત્સંગનો રંગ લાગ્યો. વળી, ગોરધનભાઈનાં ધર્મપત્ની પોતાના પિયર સાંકરદામાંથી સત્સંગનો યોગ લઈને આવ્યાં હોવાથી તેમને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો ખૂબ મહિમા હતો. તેમણે પણ સત્સંગવિકાસમાં યોગદાન આપ્યું. મણિભાઈએ મહુધાના અતુલભાઈ તથા અશ્વિનભાઈના કુટુંબમાં સત્સંગ કરાવ્યો.

સને ૧૯૭૨માં વલ્લભવિદ્યાનગરમાં અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં અભ્યાસ કરી એન્જિનિયર બનેલા હિંમતસિંહ પણ સરકારી નોકરી અર્થે ગોધરામાં આવ્યા. તેમણે પણ પોતાના યોગમાં આવનાર દરેકને સ્વામીશ્રીનો અને સત્સંગનો મહિમા કહેવા માંડ્યો. સને ૧૯૭૨માં મહેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ અને દિનકરભાઈ મહેતાને એન્જિનિયર તરીકે કડાણા ડેમમાં નોકરી મળી. તેથી તેઓ પણ આ પ્રદેશના લુણાવાડા અને ખાનપુર વિસ્તારોમાં પોતાના યોગમાં આવનારને સત્સંગનો રંગ લગાડવા લાગ્યા.

આમ, ધીરે ધીરે એક પછી એક સત્સંગી વ્યક્તિનો ધારાપ્રવાહ ઉમેરાવાથી આ પ્રદેશમાં સત્સંગનું વાતાવરણ સર્જાવા લાગ્યું.

સ્વામીશ્રીની આજ્ઞાથી આ પ્રદેશમાં સને ૧૯૭૫થી અટલાદરા મંદિરેથી દિવ્યસ્વરૂપ સ્વામી તથા મહાપુરુષ સ્વામીએ વિચરણ શરૂ કર્યું. સંતોના વિચરણથી આ પ્રદેશમાં સત્સંગની વિશેષ જાગૃતિ આવી. સને ૧૯૭૭માં અટલાદરા મંદિરના કોઠારી ત્યાગવલ્લભ સ્વામીએ આ પ્રદેશમાં વિચરણ કરી સત્સંગને પુષ્ટિ આપી. તેઓએ પગે ચાલીને તથા ગાડામાં બેસીને પણ આજુબાજુનાં ગામોમાં ખૂબ સત્સંગ કરાવ્યો. સંતોના પ્રયાસથી કાર્યકર્તાઓ પણ તૈયાર થયા અને સને ૧૯૯૨થી વિનયચંદ્ર મહેતાએ ગોધરાના સત્સંગ વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું. ધીમે ધીમે સત્સંગની અભિવૃદ્ધિ થતાં, અહીં મંદિરની આવશ્યકતા ઊભી થઈ. મંદિર કરવા માટે શ્રી રમેશભાઈ ભગવાનભાઈ પટેલ, દીપકભાઈ ભગવાનભાઈ પટેલ અને દક્ષેશભાઈ પટેલે બે એકર જમીનનું સમર્પણ કર્યું. આ ભૂમિ પર મંદિરનાં મંડાણ થયાં.

**૨. ઘોઘંબા :** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠાવાળા ભવાનીશંકર જયશંકર રાવળ (મૂળ લખતરના વતની) આ પ્રદેશના ઘોઘંબામાં તબીબી વ્યવસાય માટે સ્થાયી થયા હતા. તેમના દ્વારા મોતીસિંહ, હરજીવન દરજી, કેસરસિંહ, કેસરીસિંહ પરમાર અને રતનસિંહ જેવા મુમુક્ષુઓને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો રંગ લાગ્યો હતો. ભવાનીશંકર તેઓને વઢવાણના મંદિરમાં સ્થપાયેલા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પૂજવા આપતા હતા. એ અરસામાં ઘોઘંબામાં જંગલખાતાના અધિકારી તરીકે આવેલા સોમેશ્વર પીઠવાએ પણ *'ગુણાતીતાનંદ મૂળ અક્ષર, સહજાનંદ એક પરમેશ્વર'* એવી ધૂન કરાવી અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાની પુષ્ટિ કરવામાં યોગદાન આપેલું. આ હરિભક્તોને લીધે યોગીજી મહારાજના વખતમાં શાસ્ત્રીજી મહારાજ દ્વારા દીક્ષિત થયેલા પ્રેમવતીદાસ સ્વામી પણ કોઈક કોઈક વાર ઘોઘંબા પ્રદેશમાં સત્સંગ પ્રચાર અર્થે આવતા.

સને ૧૯૭૩માં ધર્મજવાળા ઈશ્વરભાઈના આગ્રહથી નારાયણ ભગત (વિવેકસાગર સ્વામી), જ્ઞાનપ્રિય સ્વામી તથા નિષ્કામ-જીવન સ્વામી - આ સંતોનું મંડળ આ પ્રદેશના વિચરણ અર્થે પધારેલું. તે વખતે આ પ્રદેશમાં સત્સંગીઓની સંખ્યા ખૂબ ઓછી. ઈશ્વરભાઈના પરિચયમાં આવનાર વેપારીઓને ત્યાં પણ સંતો સામેથી પધરામણીએ જતા. સત્સંગીઓનાં સગાંઓને શોધી શોધી સામેથી ઓળખાણ કાઢી બધાને સત્સંગની વાતો કરતા. વિવેકસાગર સ્વામી અને સંતમંડળના વિચરણથી આ પ્રદેશના મુમુક્ષુઓમાં સત્સંગની વિશેષ ભૂખ ઊઘડી. પરિણામે ઈશ્વરભાઈએ અમદાવાદમાં કળશ-જયંતી મહોત્સવ ઊજવાયા પછી તરત જ સ્વામીશ્રીનો કાર્યક્રમ ઘોઘંબા વગેરે પ્રાંતમાં ગોઠવ્યો. સને ૧૯૭૩ના એ શિયાળામાં સ્વામીશ્રીએ સમગ્ર પંચમહાલના પ્રદેશમાં વિચરણ કર્યું. સ્વામીશ્રીના અહીં પધારવાથી આ પ્રદેશમાં રહેતા સત્સંગપ્રચારના નાના નાના પ્રવાહોએ એક નદીનું રૂપ ધારણ કર્યું.

સ્વામીશ્રીએ લુણાવાડામાં બારોટવાડા વિસ્તારમાં તા. ૧૮-૧૨-૧૯૭૩, માગશર વદ ૯ને મંગળવારે જલસણવાળા મહેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટના મામાની દુકાનમાં ૭' × ૧૫' ફૂટના ઓરડામાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ સ્થાપીને આ પ્રદેશના સૌપ્રથમ હરિમંદિરની મૂર્તિપ્રતિષ્ઠા કરી હતી. તે વખતે તો કેવળ છ કુટુંબોમાં જ સત્સંગનો રંગ લાગ્યો હતો. આજે અહીં સત્સંગનો રંગ કેટલાય પરિવારોમાં વ્યાપી ગયો છે.

સ્વામીશ્રી પ્રથમ વખત ૧૯૭૩માં ઘોઘંબા પધાર્યા, ત્યારબાદ સ્વામીશ્રી લગભગ સાત-આઠ વખત આ ઘોઘંબાની આજુબાજુનાં ગામોમાં વિચરણ અર્થે પધાર્યા. સંતોના અથાગ પુરુષાર્થથી અહીં સત્સંગનો વિશેષ પ્રસાર થયો. મંદિરની જરૂરિયાત ઊભી થતાં હરિભક્તોએ મંદિરનિર્માણ અર્થે જમીન આપી. સ્વામીશ્રીએ સ્વહસ્તે ખાતવિધિ કરી અને મંદિર જોતજોતાંમાં પૂર્ણ થયું. આણંદના કોઠારી ભગવત્ચરણ સ્વામીએ આ મંદિરનું બાંધકામ સંભાળ્યું. તા. ૨૦-૨-૧૯૯૦ના રોજ સ્વામીશ્રીએ અહીં પધારી મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. તે અવસરે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'તમામ ભક્તોના સંકલ્પો

અ હ ીં

ઠાકોરજી પૂર્ણ કરશે અને ભવિષ્યમાં અહીં સત્સંગ ખૂબ વધશે.' સ્વામીશ્રીના આ સંકલ્પે આજે સેંકડો આબાલવૃદ્ધ ભક્તો સત્સંગ લાભ લઈ રહ્યા છે.

સ્વામીશ્રી જ્યારે અહીં પ્રતિષ્ઠા અર્થે પધાર્યા ત્યારે ખૂબ કડકડતી ઠંડી હતી. એ વખતે આ પ્રદેશમાં હીટરની કે લાઇટની સુવિધા પણ ઉપલબ્ધ ન હતી. સ્વામીશ્રીની પૂજામાં બંને બાજુ નાનાં તગારાંઓની અંદર સળગતા કોલસા રાખી હીટર જેવી કંઈક સુવિધા આપવાનો પ્રયત્ન થયો હતો. તે જ વખતે સ્વામીશ્રી અહીંના હરિભક્ત વિઠ્ઠલભાઈના ઘરે પધરામણીએ પધાર્યા હતા. માટીની કોઠી ઉપર હરિકૃષ્ણ મહારાજને મૂકીને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા કે 'અનાજના ઢગલા થશે.' સાથે સત્સંગ વધે તેવા આશીર્વાદ પણ તેઓએ આપ્યા હતા. આજે સ્વામીશ્રીના એ આશીર્વાદ વિઠ્ઠલભાઈને સારી રીતે ફળીભૂત થતા અનુભવાયા છે. સ્વામીશ્રીના આશીર્વાદથી ઘોઘંબાની આજુબાજુનાં ઘણાં ગામોમાં આજે સત્સંગ છે. કંડાચ ગામના વનરાજસિંહભાઈ, સાતમણા ગામના પ્રતાપસિંહ, મોકળ ગામના ગુલાબસિંહ તથા શનાભાઈ વગેરેએ જુદાં જુદાં ગામોમાં સત્સંગ પ્રસરાવ્યો. આ ઉપરાંત ઘોઘંબાના હરિભક્તોની દીકરીઓ પરણીને જે જે ગામોમાં ગઈ ત્યાં પણ સત્સંગનો વિકાસ થયો.

**૩. દાહોદ :** દાહોદની દૂધીમતી નદીના કિનારે તપ કરતા દધિચિ ઋષિએ દેવોને દાનવો સામેના યુદ્ધમાં મદદ કરવા માટે પોતાના વજ્ર જેવા હાડકાનું દાન આપવા પોતાના દેહનો વધ કરેલો તેવી પુરાણકથાને લીધે આ નગર દેહવધ તરીકે ઓળખાયું અને તેનું અપભ્રંશ દેવધ અને પછી દાહોદ થયું. બીજી વાયકા અનુસાર ગુજરાત અને માળવા એમ બે પ્રદેશોની વચ્ચે આવેલું હોઈને, 'દોહદ' અને પછી દાહોદ નામ પડ્યું, એમ માનવામાં આવે છે. દિલ્હી ખાતે ગાદીનશીન થયા બાદ મોગલ બાદશાહ ઔરંગઝેબે પોતાના જન્મસ્થળની યાદગીરી કાયમ રાખવા ઈ.સ. ૧૬૭૮માં અત્રે એક ધર્મશાળા બંધાવી હતી જે પાછળથી દાહોદ તરીકે ઓળખાઈ. સંવત ૧૦૯૩માં ગુજરાતના પ્રસિદ્ધ શાસક રાજા સિદ્ધરાજ જયસિંહે માત્ર એક રાતમાં જ અહીં છાબ તળાવ બંધાવેલું.

આમ દધિચિ ઋષિની તપોભૂમિ, મોગલ બાદશાહ ઔરંગઝેબની જન્મભૂમિ, અને આદિવાસીઓના ઉદ્ધારક તરીકે ભીલસેવા મંડળના સ્થાપક સંવર્ધક શ્રી ઠક્કરબાપાની કર્મભૂમિ આ દાહોદ સને ૧૯૭૩થી સ્વામીશ્રીના વિચરણથી સત્સંગભૂમિ પણ બની ગઈ. સને ૧૯૭૩માં સર્વ પ્રથમ વિવેકસાગર સ્વામી અને સંતોનું મંડળ અહીં પધાર્યું હતું. મુંબઈના બી.એ.પી.એસ. મંદિરના ટ્રસ્ટી ભાનુભાઈ પટેલની સાથે ભણતા રતુભાઈ આ દાહોદમાં રહેતા હતા. આ મિત્રતાના નાતે સંતોનો ઉતારો આ રતુભાઈને ઘરે ગોઠવાયો હતો. આ રીતે દાહોદમાં સત્સંગનું બીજ વવાયું હતું. સ્વામીશ્રીએ અહીં પધારી એને વિશેષ પોષણ આપ્યું. પછીથી સત્સંગનો દૃઢ રંગ લાગ્યો.

આવા વિચરણના પ્રતાપે અનેક મુમુક્ષુઓ સત્સંગના રંગે રંગાવા લાગ્યા. એવા જ એક મુમુક્ષુ હતા કનુભાઈ વડવાળા. તેમને સત્સંગનો એવો રંગ લાગ્યો કે પોતાનું ઘર જ જાણે મંદિર બની ગયું. વરસો સુધી તેમણે રાતદિવસ ટાણું-કટાણું જોયા વગર સત્સંગની સેવાઓ કરી. ત્યારબાદ મંદિરની આવશ્યકતા જણાતાં બાબુભાઈ વડવાળાએ મંદિર કરવા પોતાની જગ્યા સેવામાં આપી. સ્વામીશ્રીએ તે જગ્યા ઉપર નિર્માણ પામેલા મંદિરમાં તા. ૧૮-૪-૧૯૯૮ શનિવારના રોજ મૂર્તિ-પ્રાણપ્રતિષ્ઠા કરી.

**૪. કાલોલ :** કાલોલમાં દેવગઢ-બારિયાવાળા મણિભાઈ અને તેમના સુપુત્રોએ સંતોને અહીં લાવી મુમુક્ષુઓને સત્સંગનો યોગ કરાવ્યો હતો. ૧૯૭૫ની સાલ પછી દિવ્યસ્વરૂપ સ્વામીએ અહીં સત્સંગ-વિચરણ વિશેષ કર્યું અને ત્યાગવલ્લભ સ્વામી તથા મહંત સ્વામીએ પણ કાલોલ ક્ષેત્રમાં વિચરણ કરી સત્સંગને વિશેષ પુષ્ટિ આપી હતી. કાલોલ પાસે આવેલા ઝરડકા ગામના એક યુવાન કનુભાઈ ત્રિભોવનદાસ બારોટ વિશેષ અભ્યાસ અર્થે વલ્લભવિદ્યાનગર અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં જોડાયા હતા. છાત્રાલયમાં વિદ્યાની સાથે સાથે સત્સંગનો યોગ થયો અને તેમણે જ ગામમાં પાછા ફરી ઝરડકા ગામમાં વિશેષ સત્સંગનો પ્રસાર કર્યો. એમના પરિવારજનો પણ સત્સંગના રંગે રંગાયા. સમય જતાં સત્સંગનો વિકાસ થતાં, મંદિરની જરૂરિયાત ઊભી થઈ અને કનુભાઈના ભાઈ અરવિંદભાઈએ પોતાની જમીન મંદિર કરવા માટે દાનમાં આપી. આજે ત્યાં મંદિર થઈ ગયું છે.

**૫. કણબીપાલ્લી :** આ નાનકડું કણબીપાલ્લી ગામ કરાડ નદીના તટ પર વસેલું છે. વરસો સુધી વલ્લભવિદ્યાનગર અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં પોતાની નિઃસ્વાર્થ સેવાઓ આપનાર ચંદુ ભગતનું આ મૂળ વતન છે. સને ૧૯૭૩માં જ્યારે પ્રમુખસ્વામી મહારાજ અહીં પધારવાના હતા તેની સંપૂર્ણ વ્યવસ્થા તેમણે તથા મોહનભાઈએ સંભાળી હતી. આ ગામમાં કેટલાક દ્વેષીઓએ સત્સંગસભા ન થાય તે માટે વિઘ્નો પણ ઊભાં કર્યાં હતાં. પરંતુ ઘોઘંબાના મોતીસિંહ દરબાર અને અન્ય હરિભક્તોએ પક્ષ રાખ્યો ને સભા ભવ્ય થઈ.

**૬. ચંદ્રપુરા :** ચંદ્રપુરા નાનકડું ગામ છે. મોટે ભાગે લેઉવા પટેલોની વસ્તી છે. નારના, અહીંયાં ગામમાં વસેલા, હાલ ભાયલી સ્થાયી થયેલા ભગુભાઈ પટેલ તથા નાનુભાઈ પટેલ આ ગામને સત્સંગનો પથ દર્શાવવામાં નિમિત્ત બન્યા.

સને ૧૯૭૪-૭૫ની સાલમાં તેઓ અટલાદરાથી ત્યાગવલ્લભ સ્વામીને લઈને આ ગામમાં આવ્યા હતા, ત્યારથી સત્સંગનું પડ છંટાયું. ત્યારપછી સ્વામીશ્રી ૧૯૮૨ના અરસામાં હાલોલમાં મધુભાઈ પટેલની ઓઈલ કંપનીમાં પધાર્યા હતા. તે દરમ્યાન એકાદ-બે કલાક અહીં પધારીને અંબાલાલ શિકાભાઈ પટેલના ઘર આગળ પધરામણી અને સભા કરી હતી. ત્યારથી સત્સંગ પ્રવૃત્તિને વેગ મળ્યો હતો. તે અરસામાં જ અહીંના હરીશભાઈ શંકરભાઈ પટેલને અકસ્માતને લીધે બે પગ ખોટા થઈ ગયા હતા. બચવાની આશા ડૉક્ટરોને પણ ન હતી. એ સમયે આ વિસ્તારમાં વિચરણ કરતા દિવ્યસ્વરૂપ સ્વામી અને સંતોએ એમના ઘરે પધારીને ધૂન કરી. અને કોલકાતામાં વિરાજતા સ્વામીશ્રીને ટપાલ લખી આશીર્વાદ મગાવ્યા હતા. સ્વામીશ્રીના આ આશીર્વાદે ચમત્કાર સર્જ્યો. તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયા. જાણે આ સત્સંગ-કાર્ય માટે સ્વામીશ્રીએ જીવતદાન આપ્યું છે - એવા અહોભાવથી તેમણે સત્સંગ પ્રવૃત્તિમાં ખૂબ સેવા-સહયોગ આપ્યાં. તેમના ઉત્સાહથી સત્સંગમંડળ વૃદ્ધિ પામ્યું.

સને ૧૯૮૯ પછી મહાપુરુષ સ્વામીએ અહીંના સત્સંગને વિશેષ પોષણ આપ્યું. ગામના સત્સંગી પાટીદાર સમાજે મંદિર કરવા માટે એક પ્લોટ દાનમાં આપ્યો. આ પ્લોટ ઉપર ગામના મંડળે જાતમહેનત કરી ટૂંકા સમયમાં મંદિરનું નિર્માણ કર્યું. સલાટ લોકોએ પથ્થર કાપી આપ્યા અને પથ્થરનું આખું મંદિર બનાવ્યું. જેમાં હરેશ અને પરેશ નામના બે ગરીબ યુવકોએ પોતાની નોકરીનું બલિદાન આપી ગજા ઉપરાંત આ મંદિરમાં સેવા કરી. આ ઉપરાંત શાંતિભાઈ, ઠાકોરભાઈ, બિપીનભાઈ, પૂનમભાઈ કાછવેલ, ડાહ્યાભાઈ, પ્રવીણભાઈ, ડાહ્યાભાઈ અંટોલભાઈ, અલ્પેશભાઈ મનુભાઈ, ઠાકોરભાઈ નાગજીભાઈ, ઉપેન્દ્રભાઈ રણછોડભાઈ, ભગુભાઈ, મહેન્દ્રભાઈ અને અક્ષરવાસી ચીમનભાઈ ચુનીભાઈ પટેલ વગેરે સેવાભાવી સત્સંગીઓએ ખૂબ સેવા

કરી હતી. તા. ૨૨-૪-૧૯૯૮ના રોજ સ્વામીશ્રીએ મંદિરની પ્રતિષ્ઠા કરી સૌને ધન્ય કરી દીધા હતા.

**૭. ટોકરવા :** દેવગઢ-બારિયા ક્ષેત્રનું આ ટોકરવા એક નાનું એવું ગામ છે. સંતોના વિચરણથી આ ગામના નિવાસી ચંદ્રસિંહ મગનભાઈ બારિયા સત્સંગના યોગમાં આવ્યા. જીવમાં સત્સંગ દૃઢ થયો. સને ૨૦૦૦માં તેઓ સ્વામીશ્રીના દર્શનાર્થે અટલાદરા પધાર્યા ત્યારે સ્વામીશ્રીની વ્યક્તિગત દર્શન-મુલાકાત દરમ્યાન તેમણે પોતાના હાથમાં રાખેલું એક પડીકું સ્વામીશ્રી તરફ ધર્યું અને એ પડીકાનો સ્પર્શ કરવા વિનંતી કરી. સ્વામીશ્રી કહે, 'આ પડીકામાં શું છે ?' ચંદ્રસિંહે ટૂંકો ઉત્તર આપતાં કહ્યું, 'સ્વામી ! આપ માત્ર સ્પર્શ કરો.' બાપાએ જ્યારે આગ્રહ કર્યો કે અંદર શું છે ? ત્યારે તેમણે કહ્યું કે 'સ્વામી ! સીંગ-સાકરિયા છે. આપ સ્પર્શ કરશો તો તે પ્રસાદીના થશે. હું તે પ્રસાદી મારા આખા ટોકરવા ગામમાં વહેંચીશ, જેથી બધાને સત્સંગ થાય.' સત્સંગ વધારવાની તેમની આવી ભદ્ર ભાવનાથી સ્વામીશ્રી પ્રસન્ન થયા અને બે ખોબા ભરીને મગસના લાડુ સ્વામીશ્રીએ સ્વહસ્તે તેને આપ્યા. ચંદ્રસિંહે આ દિવ્ય પ્રસાદી સમગ્ર ગામમાં ગામની શાળામાં બધાને વહેંચી. આજે સ્વામીશ્રીની એ પ્રસાદીથી એ ગામમાં સત્સંગનાં બીજ ઊગી નીકળ્યાં છે.

**૮. સંતરામપુર :** સને ૧૯૮૧માં સંતરામપુર ગામમાં પી.ટી.સી. કોલેજમાં પ્રિન્સિપાલ તરીકે મોરબીના સંનિષ્ઠ હરિભક્ત માર્કંડભાઈ દવેની નિમણૂક થઈ. તેમના આ કાર્યકાળ દરમ્યાન એ જ કૉલેજમાં તાલીમ લઈ રહેલા છાપરીના મુવાડા ગામના ગણપતસિંહ પગી તથા લાંભુના રૂપાભાઈ ડામોર સત્સંગના યોગમાં આવ્યા. એ જ વર્ષે મહંત સ્વામી આ વિસ્તારમાં વિચરણ અર્થે પધાર્યા ત્યારે આ બંને યુવાન મુમુક્ષુઓને વિશેષ સત્સંગની દૃઢતા પ્રાપ્ત થઈ અને અટલાદરા મુકામે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીનાં પ્રથમ દર્શને જ તેમને સ્વામીશ્રી પ્રત્યે અપ્રતિમ આકર્ષણ થયું. સ્વામીશ્રીને સ્નાન કરાવવાનો લાભ પણ આ બંને યુવકોએ લીધો. સ્વામીશ્રી સાથે નજીક આવતાં આ બંને યુવાનોને વિશેષ સ્નેહ થઈ ગયો. ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવનાં વિવિધ આયોજનોમાં બંને મિત્રો જોડાઈ ગયા. પંદર પંદર કિલોમીટર ચાલતા જઈને પણ બંને મિત્રો ગામડે ગામડે સત્સંગસભાઓ કરાવતા. રાત્રિરોકાણ ક્યાં કરવું એ પ્રશ્ન હતો, જમવું ક્યાં તે પણ એક મોટો પ્રશ્ન હતો. એટલે જમવાનો સામાન, પ્રાઈમસ વગેરે સાથે લઈને જ ગામડાંઓમાં વિચરણ કરવા જતા. મુશ્કેલીઓ વેઠીને પણ ગામડે ગામડે ઘૂમતા ગણપતસિંહ અને રૂપાભાઈ બંનેને એક જ ઉમંગ હતો કે આપણા આ વનવાસીભાઈઓને સ્વામીશ્રીનો યોગ કરાવવો છે.

**રાબોડ** ગામમાં સત્સંગવિકાસમાં રામભાઈ, ગોવિંદભાઈ, કનુભાઈ વગેરે હરિભક્તોએ પણ નોંધપાત્ર સેવાઓ આપી.

**૯. પીપલોદ :** સત્સંગના પ્રારંભિક સમયમાં યોગમાં આવનાર ગામોમાંનું એક એટલે આ પીપલોદ. યોગીજી મહારાજના સમયમાં સને ૧૯૬૪માં પ્રમુખસ્વામી મહારાજ, મંદિરમાં વપરાતાં લાકડાંની ખરીદી માટે અહીં પીપલોદ પધાર્યા હતા. તે સમયે સ્વામીશ્રી સ્ટેશનની બાજુમાં જ ગિરિજાશંકર ત્રિવેદીના ઘરે રોકાયેલા. વર્ષો વીત્યાં બાદ તા. ૧૮-૦૪-૧૯૯૮ના રોજ સ્વામીશ્રી દાહોદથી પ્રતિષ્ઠા કરી ગોધરા તરફ જઈ રહ્યા હતા. માર્ગમાં ક્યાંય પણ રોકાવાનો કાર્યક્રમ ન હતો. છતાં રસ્તામાં પીપલોદ ગામ આવતાં સ્વામીશ્રીએ સામેથી ગિરિજાશંકરભાઈના ઘરે જવાની ઇચ્છા વ્યક્ત કરી. સંધ્યા થઈ ચૂકી હતી. અંધારું ઢળી ચૂક્યું હતું. બીજી તરફ ગામમાં લાઇટ પણ ગઈ હતી. સર્વત્ર અંધારું હોવા છતાં સ્વામીશ્રીએ ગિરજાશંકરભાઈનું ઘર શોધી સામેથી તેમના ઘરે પધરામણી કરી. અંધારામાં જ ઘરમંદિરમાં આરતી ઉતારી. ઘરની ઓસરીમાં ઊભાં ઊભાં જ તેમને મળ્યા, આશીર્વાદ આપ્યા. આ રીતે આ ગામમાં સામેથી સ્વામીશ્રીએ પધારી સત્સંગને વિશેષ પુષ્ટિ આપી. ગિરજાશંકરભાઈના પુત્ર-પૌત્રોને પણ સ્વામીશ્રી પ્રત્યે અનુરાગ થયો.

આમ, સ્વામીશ્રીની પ્રેરણાથી સંતો અને આવા કાર્યકરોના પુરુષાર્થનું પરિણામ આવવા લાગ્યું. સને ૧૯૭૧-૭૨થી પ્રારંભ કરી સને ૧૯૯૦ સુધીમાં રાબોડ, અલવા, એરાલ, ઘોઘંબા, કણબીપાલ્લી, કુંભારપાલ્લી, દેવગઢ-બારિયા, કંબોઈ, દાહોદ, ઉસરા, અગાસવાણી, ગોધરા, લુણાવાડા, મધવાસ, છાપરીના મુવાડા, લંભો, ઝરડકા, તિલપુરા આટલાં ગામોમાં થોડોક સત્સંગ હતો. પરંતુ સ્વામીશ્રીની આજ્ઞાથી સને ૧૯૮૯થી વિવિધ સત્સંગ-પ્રવૃત્તિઓના વિકાસ માટે મહાપુરુષ સ્વામી અહીં સ્થાયી થયા, ત્યારબાદ સત્સંગવિકાસને વેગ મળ્યો. અભયદર્શન સ્વામી, નૈષ્ઠિકજીવન સ્વામી, અમૃતમુનિ સ્વામી તથા શ્રીજીદર્શન સ્વામી વગેરે સંતોએ પણ સત્સંગ વિકાસ માટે ખૂબ જ જહેમત લીધી છે. ધીરે ધીરે સત્સંગ મંડળોની ફરતી સભાઓ શરૂ થઈ. સંતોના યોગથી એક પછી એક ગામોનું પરિવર્તન થવા લાગ્યું. છાપરીના મુવાડા ગામમાં આવેલું દરબાર ફળિયું દારૂમાંસ માટે જાણીતું હતું. પણ સંતોના પ્રયત્નોથી આ સમગ્ર ફળિયું નિર્વ્યસની અને વહેમથી મુક્ત બની ગયું. સંસ્થાના વરિષ્ઠ સંતોએ પણ સમયે સમયે અહીં આવીને ખૂબ પ્રેરણાઓ આપી. સને ૧૯૯૪માં મહંત સ્વામી, સને ૨૦૦૨માં ત્યાગવલ્લભ સ્વામી, સને ૨૦૦૫માં ડૉક્ટર સ્વામી, સને ૨૦૧૦માં ઈશ્વરચરણ સ્વામી વગેરેના સત્સંગપ્રવાસે આ વિસ્તારમાં સત્સંગની વિશેષ પુષ્ટિ કરી.

૧૯૮૦-૯૦, ૧૯૯૦-૨૦૦૦ અને ૨૧મી સદીના પ્રથમ દાયકામાં પણ આ પ્રાંત સ્વામીશ્રીની ચરણરજથી પાવન થતો રહ્યો. સ્વામીશ્રીએ આ પ્રાંતમાં સત્સંગ પ્રવૃત્તિઓ દ્વારા અનેક લોકોનું આમૂલ જીવનપરિવર્તન કર્યું, અનેકવિધ લોકસેવાનાં કાર્યો કર્યાં. તેનાથી પ્રભાવિત થઈને સને ૧૯૯૮માં ગોધરા નગરપાલિકા અને અન્ય સંસ્થાઓએ સ્વામીશ્રીનું જાહેર સન્માન યોજીને સન્માનપત્રમાં અહોભાવ વ્યક્ત કરતાં લખ્યું હતું, 'આપ કેવળ સ્વામિનારાયણ સંપ્રદાયના જ સંત વિભૂતિ ન રહેતાં સમગ્ર વિશ્વના સ્વજન છો. આપ પરમાત્માની વિભૂતિના પ્રતીક છો. આપની કૃપાદૃષ્ટિના કોમળ સ્પર્શથી વિશ્વનો ખૂણે ખૂણો ને પ્રાણીમાત્ર પુલકિત અને પુનિત બન્યાં છે. વિશ્વકલ્યાણના વિરલ પરિવ્રાજક આપ સત્ ચિત્ અને આનંદનું સાક્ષાત્ સ્વરૂપ છો. આપનું આ સન્માન માનવ સ્વરૂપે રહેલા પરમાત્માનું સન્માન છે. આપને કોટિ કોટિ વંદન હો.'

સ્વામીશ્રીનાં પુરુષાર્થ અને પ્રેરણા તેમજ સંતોના સતત વિચરણથી પંચમહાલ પ્રદેશનાં ૪૫૦ જેટલાં ગામડાંઓમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગ છે. બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિનાં પાંચ ક્ષેત્રો ગોધરા પ્રાંત હેઠળ (લુણાવાડા, ખાનપુર, હાલોલ, કાલોલ, ગોધરા) અને સાત ક્ષેત્રો દાહોદ પ્રાંત હેઠળ (તોયણી, ઘોઘંબા, દેવગઢ-બારિયા, રાબોડ, લીમખેડા, ખરોડ, દાહોદ) કાર્યરત છે. દાહોદ અને ગોધરા બંને મળીને કુલ બાર ક્ષેત્રોમાં સરેરાશ દર વરસે ૩૦ ગામડાંઓમાં સત્સંગ પ્રવૃત્તિનો વ્યાપ વિસ્તરતો જાય છે. છેક મધ્યપ્રદેશ સુધી સત્સંગની સીમાઓ વિસ્તરી છે. આ સત્સંગ-વ્યાપની ચરમસીમારૂપે આજે ગોધરાની ધરતી પર પંચશિખરયુક્ત ભવ્ય શિખરબદ્ધ મંદિર અક્ષરપુરુષોત્તમ મહારાજની જય-ધ્વજાઓ લહેરાવે છે. ◆